ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૮ || અંક: ૩ || માર્ચ ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૩

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# સી.વી.એમ. યુનિવર્સિટી દ્વારા ''જ્ઞાનોત્સવ-૨૦૨૬'' યોજાયો









ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી દ્વારા તા. ૦૪, ફેબ્રુઆરી થી ૮ ફેબ્રુઆરી દરમિયાન ''જ્ઞાનોત્સવ-૨૦૨૬'' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિકસીત અવનવા પ્રયોગો, વર્કિંગ-નોન વર્કિંગ મોડલ્સ, વર્કશોપ, કળા અને હસ્તકલા પ્રદર્શન, ગમ્મત સાથે જ્ઞાન અને બીજી અનેક કૃતિઓ નિહાળવાનો અનોખો લહાવો આણંદ જિલ્લામાં આવેલ શાળાઓ-કૉલેજોના વિદ્યાર્થીઓને તથા જનતાને મળ્યો. તસવીરમાં દીપ પ્રાગટ્ય થકી જ્ઞાનોત્સવનું ઉદ્‌ઘાટન કરતા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, પરમ આદરણીયશ્રી ડી. સી. પટેલ સાહેબ, માનદ્ સહમંત્રીશ્રીઓ મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત પટેલ, રજિસ્ટ્રારશ્રી પ્રો. (ડૉ.) સંદિપ વાલિયા દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં ઓર્ગેનાઈઝીંગ ટીમને બીરદાવતા મહાનુભાવો તથા ઉત્સાહથી ભરપૂર એવા ફેકલ્ટી મેન્ટર્સ તથા વિદ્યાર્થીઓ નજરે પડે છે.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

માર્ચ-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૩
સળંગ અંક : ૬૫૩

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ



**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦



**પ્રમુખ** — શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ
**ઉપપ્રમુખ** — શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ** — શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી** — ડૉ. એસ. જી. પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

દાસી જીવણ કે દિલમાં વિચારો,
રામને ભજો તો સુખ થાય,
એવાં શું કરવાં સુખ પારકાં બાઈ !
કરમે માંડેલ હોય તેજ થાય જી.


|| પ્રાથમ્ય || જિંદગી એક સફર............................૩
**સંકલન : એસ.જી.પટેલ (લેખકઃ પાર્થિવ નાણાવટી)**

|| વૈભવ અને વારસો || .............................૬
**પદ્ય-વિભાગ :** દાસીજીવણ

|| નવાં કાવ્યો || .......................................૭
**હાર્દિક વ્યાસ, દેવેન્દ્ર બી. રાવલ, હસમુખ કે. રાવલ, યોગેશ પંડ્યા**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** એક ઝાટકે ઉખેડવાનું.................૮
**કાકા કાલેલકર**

|| લઘુકથા || છપ્પરપગી..................................૯
**પી.એમ.લુણાગરિયા**

|| બાળવાર્તા || સરસ મજાનું ચણ..................૧૦
**દુર્ગેશ ઓઝા**

|| પ્રેરક || ઈન્દિરા-સુરેશનો સેવાયજ્ઞ ................૧૨
**રણછોડ શાહ**

|| સાહિત્યિક || જીવન ઘડતરમાં સાહિત્યનું યોગદાન .................................................૧૪
**અર્જુનસિંહ કે. રાઉલજી**

|| પુસ્તક સમીક્ષા || નડિયાદી મિક્સ : હાસ્ય વ્યંગનું ચવાણુ....................................................૧૯
**ભીખાભાઈ દેસાઈ**

|| સમીક્ષા || આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં નારી ચેતનાના પ્રભાવાત્મક પરિબળ તરીકે સીતા.......................૨૩
**દેવાંગકુમાર બી. જોષી**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૯
**આર. કે. માંડલિયા**

|| વિશેષ || God : The Greatest Mathematician, Artists And Genius :................ 30
**Darshna J. Prajapati**

|| આયુર્વેદ || કુદરતની લહેર 'વસંત' .................૩૪
**[1]આશિષ એમ. ભડાણિયા, [2]રિતેશ ગુજરાથી**

|| વિદ્યાવૃત્ત || ................૬, ૮, ૧૧, ૩૩, ૩૬




ISSN 0976-9609

|| પ્રાથમ્ય ||

## જિંદગી એક સફર

**સંકલન : એસ.જી.પટેલ (લેખકઃ પાર્થિવ નાણાવટી)**

''અરે મમ્મી, તું ચામાં ખાંડ નાખવાનું જ ભૂલી ગઈ ....?''

રવિવારે સવારની ચા પીતા પીતા પિન્ટુ બોલ્યો.

કવિતા મારી સામે જોઈ બોલી, ''તમે કેમ કંઈ બોલ્યા નહિ..?''

કવિતા ઊભી થઈ રસોડામાંથી ખાંડ લાવી અમારા ચાના પ્યાલામાં ઉપરથી નાખી અને બોલી સોરી...સોરી.

મેં કીધું, ''બેટા, તારી મમ્મી પણ થાકી ગઈ હશે.. ઘણી વખત યંત્રવત્ કામનો થાક દરેક વ્યક્તિને લાગતો હોય છે. પણ અમુક જવાબદારીઓ એવી હોય છે બેટા ભાગવું હોય કે છટકવું હોય તો પણ એ કરી શકાતું નથી. બરાબરને કવિતા ?''

કવિતા હસીને બોલી, ''પરાણે ઠોકી બેસાડેલ અને ઇચ્છાથી સ્વીકારેલ જવાબદારીમાં તફાવત હોય છે. પરિવારની સંભાળ રાખવી એ મારી નૈતિક ફરજ છે અને જે મેં સ્વીકારી છે.''

મેં કહ્યું, ''બેટા રોજ સવારે ઉઠતાની સાથે ફ્રીઝમાંથી દૂધની થેલી બહાર કાઢતા જ અંદર ક્યા ક્યા શાક પડ્યા છે ? આજે ક્યું શાક બનાવું ? સાંજે ક્યું બનાવું ? તને ભાવશે કે નહીં ? મને ભાવશે કે નહીં ? પરિવારની પસંદગી વિચારતા વિચારતા તે બાપડી પોતાની પસંદગી જ ભૂલી ગઈ છે.''

''તારી કે મારી ફરજ નથી બનતી કે મમ્મીને અઠવાડિયામાં એક દિવસ એવું કહીએ કે તારું ભાવતું કંઈ પણ બનાવ..''

કવિતા મારી સામે જોતી રહી...

પિન્ટુ હસીને બોલ્યો, ''પપ્પા, તમારા સ્વભાવમાં છેલ્લા દસ વર્ષથી નોંધનીય ફેરફાર થવા લાગ્યો છે, તેની પાછળનું કારણ ? પહેલા તો તમારી સાથે હું કે મમ્મી વાત કરતા પણ વિચાર કરતા, પણ હવે દરેક વાતને તમે નોર્મલ અથવા હસવામાં લ્યો છો. ઘરમાં ઘણા વર્ષોથી મસ્તી-તોફાનનું વાતાવરણ થઈ ગયું છે.''

પપ્પા બોલ્યા, "I like it.બેટા, ઘણી વખત રાત્રે પથારીમાં બેઠો થઈ જાઉ છું. તારી સામે જોઉં છું તો થોડી વાર કવિતા સામે જોઈ લઉં છું.''

''વિચારું છું, કેવો બુલેટ ટ્રેનની માફક આપણી નજર સામેથી સેકન્ડો, મિનિટો, કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો ઝડપથી પસાર થઈ રહ્યાં છે.''

''બેટા, 'જીવન એક સફર' છે. ગમતા, ન ગમતા અસંખ્ય મુસાફર અને સ્ટેશન આપણા જીવનમાં આવે છે અને જાય છે. આમાંથી કોઈક જ મુસાફર એવા સ્ટેશને મળી જાય છે જે દિલને સ્પર્શી જાય છે.''

''આજે રજા છે એટલે તું શાંતિથી સાંભળ. અમારા જીવનના સફરની એક રોમાંચક અને પ્રેમભરી સત્ય હકીકત.''

''તારી મમ્મી અને હું એક ટ્રેનના પ્રવાસ દરમિયાન ભેગા થયા હતા ત્યારે તો અમે બાળક હતા. અમારા બન્નેની ઉંમર ૮ વર્ષની હતી. ૧૫ દિવસની ટુર હતી.''

''અમે અમદાવાદથી રિઝર્વેશન કોચમાં ચઢ્યા. સ્વાભાવિકપણે બાળકોને બારી પાસે બેસવાનો શોખ હોય છે. તારા દાદા મતલબ મારા પપ્પાએ ટ્રેનમાં મને બારી પાસે બેસાડી દીધો.''

''ટ્રેન બરોડા પહોંચી ત્યાં અમારા કંપાર્ટમેન્ટમાં એક પરિવાર આવ્યું. તેમાં મારી ઉંમરની જ એક છોકરી હતી જેનું નામ કવિતા હતું. મતલબ તારી મમ્મી.''

''બીજો તારો મામો સુધીર એ કવિતાથી નાનો હતો. તેણે જીદ કરી એક બારી પકડી લીધી.''

''કવિતા તારા મામાથી મોટી પણ ઉંમરમાં તો નાની જ હતી. તેણે પણ બારી પાસે બેસવાની જીદ કરી. તારો મામો કે પછી હું કોઈ બારી છોડવા તૈયાર ન

થયા. ટ્રેન ચાલુ થઈ, હું કવિતા સામે જોઈ તેને ચીડવતો હતો. કવિતાને બારી ન મળવાથી તેની આંખોમાંથી વારંવાર આંસુ આવી જતા હતા. તેણે પોતાનું મન બીજે વાળવા સાથે રાખેલ સ્ટોરી બુક કાઢી અને વાંચવા લાગી. હવે મને કવિતા તરફથી પ્રતિભાવ મળતો બંધ થયો. એટલે હું ઢીલો થઈ ગયો.''

''બેટા જીવનમાં આવું જ છે. કોઈ આપણને ચીડવતું હોય, આપણી લાગણીઓ સાથે રમત રમતું હોય, ત્યારે આવા સંજોગોમાં સજ્જન વ્યક્તિઓનું કામ જીભાજોડી કરવા કરતાં આવી વ્યક્તિને પ્રતિભાવ આપવાનું બંધ કરવું પડે.''

કવિતાના આવા વર્તન-વ્યવહારથી મને બારી પાસે બેસવાનો કંટાળો આવવા લાગ્યો. મેં કવિતાને સામે ચાલીને કહ્યું, 'તારે બારી પાસે બેસવું છે ?' એ હસીને બારી પાસે આવીને બેસી ગઈ. હું થોડો પપ્પાની બાજુમાં ખસી ગયો.

''જેમ જેમ સમય પસાર થતો હતો તેમ તેમ કવિતાનો પરિવાર અને અમારો પરિવાર ટ્રેનમાં મિત્ર બનતા ગયા. જોક્સ, અંતાક્ષરી, ગેમ, સાથે જમવાનું, નાસ્તો કરવાનો. બેટા, દિવસો ક્યાં પસાર થવા લાગ્યા અમને ખબર જ ન પડી. અને જોતજોતામાં પ્રવાસમાંથી પાછા વળવાના દિવસો આવી ગયા..''

''બસ બેટા, લાગણીશીલ વ્યક્તિ જ્યારે જીવનમાં એવું વિચારતો થાય બહુ ઝઘડા-કંકાસ કર્યા, બહુ તારું -મારું કર્યું. હવે પાછા વળવાના દિવસો ચાલુ થયા છે, ત્યારે એ વ્યક્તિના સ્વભાવમાં ચોક્કસ ફેર પડે છે.''

વળતા ટ્રેનમાં ફરી અમે ગોઠવાયા. પણ આ સમયે અમારા બન્નેમાંથી બારીની કોઈ જીદ ન હતી. કારણ કે પ્રેમ એ હંમેશા ત્યાગ અને સમર્પણની ભાષા શીખવાડે છે.

''બેટા, આવતી વેળા જે આનંદ હતો તેવો વળતા આનંદ ન હોવાનું એક કારણ એ પણ હતું કે જુદા પડવાના દિવસો અને કલાકો, જેમ જેમ સ્ટેશન પસાર થતા હતા તેમ અમારા ગણાતા હતા. અમારા બન્ને પરિવાર વચ્ચે પણ આત્મીયતાના સંબંધો આ ૧૫ દિવસ દરમિયાન બંધાઈ ગયા હતા.

''એ લોકો બરોડાથી ચઢ્યા હતા. વળતા સમયે ઉતરવાનું તેમને પ્રથમ હતું. અમે બાળક હતા છતાં એક બીજાને આવજો કહેતાં રડી પડ્યા હતા.''

''ટ્રેન ઉપડી, જે બારી માટે મેં જીદ કરી હતી એ બારી પાસે મને બેસવું ગમતું ન હતું. બેટા, એ દિવસે મને બરોડાથી અમદાવાદનું અંતર હજારો કિલોમીટર જેટલું દૂર લાગ્યું. હું એટલો બધો અપસેટ થઈ ગયો કે મારા પપ્પાના ખોળામાં માથું રાખી સૂઈ ગયો.''

આ પરિવાર સાથે પંદર દિવસ દરમિયાન બંધાયેલ આત્મીયતાના સંબધોને કારણે અમે એકબીજાના જન્મદિવસે, નવા વર્ષે એકબીજાને ફોન કરતા. વર્ષમાં એકબીજાના ઘરે એક બે વખત રોકાવા પણ જતા આવતા. એક મજબૂત આત્મીયતાના સંબંધો બંધાતા જતા હતા સાથે સાથે તારી મમ્મી કવિતા અને હું પણ મોટા થતા જતા હતા.

''અમારા બન્નેનું સારું ભણતર અને કરિયરને કારણે અમારા દિલથી હોઠ સુધી આવેલ વાત કોણ પહેલા કરે તેની રાહ જોતા હતા. ત્યાં કવિતાએ હિંમત કરી મને કહી દીધું. સમીર I love you. મારે તો દોડવું હતું અને ઢાળ મળ્યો. પછી બેટા, ગાડી ગિયરમાં પડી..પિન્ટુ અને કવિતા હસી પડ્યા.''

''બસ બેટા, ટ્રેનની મુસાફરી દરમિયાન થયેલ અનુભવની વાત કરી હું તને એટલું જ કહેવા માંગુ છું, જીવન એક સફર છે. સફરમાં મજા છે એ મંજિલમાં નથી''.

''મંજિલ મેળવવા કોઈનો હાથ કે સાથ છોડી કદી ભાગવું નહિ. એવી મંજિલની શું મજા, જ્યાં પહોંચ્યા પછી કોઈ હમસફર આપણી સાથે ન હોય.''

''બેટા, હવે તારા સવાલનો જવાબ. મારા સ્વભાવમાં ફેર પડવાનું કારણ માત્ર આજ છે. આપણે બધા એક ટ્રેનમાં બેઠેલ મુસાફર છીએ. ઈશ્વરે ઇચ્છા કે અનિચ્છાએ


ISSN 0976-9609

પણ ધક્કો મારી ટ્રેનમાં આપણને ચઢાવી દીધા પણ રિટર્ન ટિકિટ સાથે. અફસોસ આપણે એકબીજાનું ઉતરવાનું સ્ટેશન કે તારીખ કે સમય-સ્થળ જાણતા નથી. તો જેટલો સમય મળ્યો છે તેમાં આનંદ કેમ ન કરી લેવો..?''

''બેટા, કવિતા બરોડા ઉતરી ગઈ. પછી અમદાવાદ મને દૂર લાગતું હતું. મુસાફરીનો આનંદ તો ગમતી વ્યક્તિઓ સાથે હોય, એટલા સમય પૂરતો જ હોય છે. પછી તો સફર કંટાળાજનક અને બોજ રૂપ લાગે. જિંદગીનું સૌથી લાંબું અંતર એક મનથી બીજા મન સુધી પહોંચવાનું છે.''

મારી ભીની આંખ જોઈ કવિતા બોલી. ''ચલો પાછા એ જગ્યા એ જ જઈએ જ્યાં વર્ષો પહેલા આપણે ગયા હતા.''

મેં હસીને કહ્યું ''આ વખતે હું બારીની જીદ નહિ કરું.'' કવિતા હસી પડી. બેટા, અંતમાં એટલું કહીશ, જીદ કરવી પણ તેની સમય મર્યાદા નક્કી કરવી. જીદનો સમય જેટલો લાંબો એટલી ગેરસમજ, નફરત અને ઘમંડના બીજ વવાતા જશે. જે તમને આનંદથી જીવન જીવવા નહીં દે.''

''જિંદગીની સફર તો મીઠી જ હોય છે બેટા, બસ કડવાશ તો કોઈ પાસે વધારે ઉમ્મીદ રાખવાથી થઈ જાય છે.''

''કવિતા મારી સામે જોઈ બોલી,'' મહેલોની જરૂર હોય છે માત્ર રહેવા માટે, બાકી વસી જવા માટે કોઈના ખોબા જેવડા દિલનો એકાદ ખૂણો જ કાફી છે. વાહ વાહ કવિતા, તું પણ કંઈક નવું લાવી.''

''સાચી વાત છે તારી... પ્રેમમાં પડેલ વ્યક્તિઓ તિથિ, તારીખ, વાર, સમય, સંજોગ, કુંડળી કે પાસ બુક જોતા નથી.''

તારી મમ્મીએ જ્યારે મને I love you કહ્યું ત્યારે હસતા હસતા મેં પૂછ્યું હતું. તું મને કેટલો પ્રેમ કરે છે ?

ત્યારે હસીને કવિતાએ સુંદર જવાબ આપ્યો હતો, ''પ્રેમને જોખવાનું કામ તમારું.. મારું કામ તો ફક્ત પ્રેમ કરવાનું છે.''

''બેટા, વ્યક્ત કર્યા વિનાનો પ્રેમ એ હૃદય સાથે કરેલો ગુનો છે...મળે પ્રેમ સામે ચાલીને તને તો કરી લેજે બીજો એવો વિકલ્પ જીવનમાં કોઈ નસીબદાર વ્યક્તિને જ મળે છે..''

''મફતમાં પ્રેમ અહીં નથી મળતો કોઈને, એક દિલ આપવું પડે છે એક દિલની સામે.''

''તમારી સુંદરતા કદાચ આકર્ષણનું કારણ એક વખત બની શકે પણ તમારો વહેવાર અને સ્વભાવ જ પ્રેમનું આજીવન કારણ બની શકે છે.''

''સ્વભાવ ઝગડાખોર હોય તો એક વખત એવો આવે છે તેની સુંદરતા જોઈને પણ વૉમીટ થવા લાગે.''

પિન્ટુ અને કવિતા હસી પડ્યા.

મિત્રો, પ્રેમને માપવા માટે હજુ કોઈ સાધન બન્યા નથી.

કોઈને આપવા માટેની સૌથી સારી ગિફ્ટ હોય તો તેની લાગણીઓને સમજીને તેને રિસ્પેક્ટ આપો..


માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com


**માન-સન્માન કોઈના આપવાથી મળતું નથી,**
**આપણી યોગ્યતા અનુસાર જ મળે છે.**

|| વૈભવ-વારસો : પદ્ય વિભાગ ||

## એવાં શું કરવાં સુખ પારકાં

દાસી જીવણ

એવાં શું કરવાં સુખ પારકાં બાઈ !
કરમે માંડેલ હોય તે જ થાય જી.
સામે રે મંદિરિયે મહિડાં રે ઘૂમે, ભૂખ્યા તણું મન જાય જી,
દીઠેથી તૃષ્ણા ન છૂટે, પત પોતાની જાય જી... એવાં.
પારકે પૂતર પામીએ બાઈ, પોતા તણો ન કેવાય,
એને હાથે પરિયાં ન પામે, મર કાશીએ જઈ સરાય જી...
રૂપ દેખી નવ રાચીએ, બાઈ ! પત પોતાની જાય,
નબળો સબળો પુરુષ પોતાનો, ઈશ્વર કટ્યો ન જાય...
દાસી જીવણ કે દિલમાં વિચારો, રામને ભજો તો સુખ થાય,
એવાં શું કરવાં સુખ પારકાં બાઈ ! કરમે માંડેલ હોય તેજ થાય જી.

દાસી જીવણ કહેવાયા દાસી, ઓળખાયા રાધાનો અવતાર છતાં દેખાવે રૂપાળા, સોહામણા અને રંગીલા યુવાન હતા. માથે છોગાળી પાઘડી, અણિયાળી મૂછો, મોટી આંખો અને સ્વચ્છ વસ્ત્રો ને તેમાં મીઠો કંઠ ભજન સાંભળી ભલભલા પ્રેમમાં પડી જાય. તેમાં ઘોઘાવદર નજીકનું ગામ 'બંધિયા'ની પરિણિત યુવાન સ્ત્રી મોહિની દાસી જીવણની પાછળ પાછળ આવે છે. આ પ્રસંગે દાસી જીવણ એ યુવતીને ઉપદેશ આપતું આ પ્રાસંગિક ભજન બોલ્યા છે.

## || વિદ્યાવૃત્ત ||

**ઈન્દુકાકા ઈપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી (IICP)**ના બી.ફાર્મ પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ ૮ જાન્યુઆરી ૨૦૨૬ના કુમારી આચલ આર. પટેલ રોજ ચુનેલ સ્થિત દત્તાત્રેય આયુર્વેદ હર્બ્સ પ્રાઇવેટ લિમિટેડની ઔદ્યોગિક મુલાકાત લીધી. આ મુલાકાતે હર્બલ દવા ઉત્પાદન પ્રક્રિયાઓ, ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિઓ અને આયુર્વેદિક ક્ષેત્રમાં ઔદ્યોગિક કામગીરી વિશે મૂલ્યવાન જાણકારી પૂરી પાડી. વિદ્યાર્થીઓએ કાચા માલના સંચાલન, પ્રક્રિયા અને હર્બલ ફોર્મ્યુલેશનના નિયમનકારી પાસાંઓમાં વ્યવહારુ સમજ મેળવી. ઔદ્યોગિક મુલાકાતે સૈદ્ધાંતિક શિક્ષણને વાસ્તવિક દુનિયાની ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ પદ્ધતિઓ સાથે અસરકારક રીતે જોડ્યું.

**ઈન્દુકાકા ઈપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી (IICP)**ના એમ. ફાર્મ પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ ૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આણંદના વિદ્યાનગર સ્થિત સોફિસ્ટિકેટેડ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર ફોર એપ્લાઇડ રિસર્ચ એન્ડ ટેસ્ટિંગ (SICART)ની કુમારી આંચલ આર. પટેલ સ્થાનિક મુલાકાત લીધી. આ મુલાકાતે અદ્યતન વિશ્લેષણાત્મક સાધનો અને આધુનિક સંશોધન સુવિધાઓનો મૂલ્યવાન અનુભવ પૂરો પાડ્યો. વિદ્યાર્થીઓએ ઔદ્યોગિક પરીક્ષણ, ગુણવત્તા વિશ્લેષણ અને સંશોધન-લક્ષી કાર્યપ્રવાહમાં વ્યવહારુ સમજ મેળવી. ઔદ્યોગિક મુલાકાતે સૈદ્ધાંતિક જ્ઞાન અને વાસ્તવિક દુનિયાના ફાર્માસ્યુટિકલ એપ્લિકેશનો વચ્ચેના અંતરને અસરકારક રીતે દૂર કર્યું.

## ।। નવાં કાવ્યો ।।

### ક્યારેક તારી સામે

**હાર્દિક વ્યાસ**

ક્યારેક તારી સામે, ક્યારેક મારી સામે.
દર્પણનું મૌન તૂટે છે બંધ બારી સામે.
ઇચ્છો તમે જે બનવા એવા બની જવાના,
ઊભો છે એક ઉકરડો ફૂલોની ક્યારી સામે.
તારું ભલે હો જીવન પણ તું જીવનમાં ક્યાં છો ?
છે પ્રશ્ન એ સળગતો આ મોંઘવારી સામે.
અખબારનું સંવેદન પૂરાવે સાથ એમાં,
આંખો રડી પડી છે એક ગમખ્વારી સામે!
ઘરના ખૂણે ખૂણામાં આશ્ચર્ય એ જ વાતે,
પડખું ફર્યો છે ઉંબર અહીં સંજવારી સામે!
સાર્થક થઈ જવાનું એ વૃક્ષનું સમર્પણ;
કૂંપળ નવી ફૂટે છે એક તીક્ષ્ણ આરી સામે!
એ હાથમાં ધરુ તો કલ્યાણ હો શબ્દનું
એવી કલમ ઊભી છે ક્ષણ સર્જનારી સામે...!

એસ. ટી. ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિર વાળી શેરી,
લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ (મો) ૯૮૨૫૪૧૫૬૯૫

### માટી : કેવળ માટી

**હસમુખ કે. રાવલ**

બી વાવવા માટી ખોદી
ત્યાં માટી બોલી:
મને ય રમવું ગમે છે.
હું ફૂલ ઉગાડું, ધાન ઉગાડું
માટલું ઘડું, કલાડી ઘડું
ઊંચી ઊંચી ઈમારતો ચણું
પણ આખરે તો
મને
માટી રહેવું જ ગમે છે.
માટી, કેવળ માટી.

બી, ૪૦૮, બંધન જી.એચ.બી.કોમ્પલેક્ષ
અંકુર બસ સ્ટોપ પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩ (મો) ૯૬૦૧૨ ૯૪૬૬૫

### હર નજરનો સાર નોખો હોય છે.

**દેવેન્દ્ર બી. રાવલ**

હર નજરનો સાર નોખો હોય છે,
આંખનો અણસાર નોખો હોય છે.
છે ખુદા તો એક આ સંસારમાં,
એનો બસ અવતાર નોખો હોય છે.
આમ તો ધડકે બધાનું દિલ છતાં,
પ્રેમનો ધબકાર નોખો હોય છે.
જીવવાની પણ મજા છે એટલે,
હર પળે પડકાર નોખો હોય છે.
છે ભલે વાજિંત્રમાં સરખાપણું
હર વખત ફનકાર નોખો હોય છે.
ઓળખી લે છે હૃદય ક્ષણ વારમાં,
સ્પર્શનો ઉપચાર નોખો હોય છે.
ગેરસમજણ છે અહીં હર ધર્મમાં,
એટલે દરબાર નોખો હોય છે.
ફક્ત માણસની નજરમાં છે ફરક,
સર્વનો સંસાર નોખો હોય છે.
ના અલગ ભયના પ્રકારો છે છતાં,
ભીતરે ઓથાર નોખો હોય છે.
દોડતો આવે છે ઈશ્વર પણ તરત,
આંતરિક પોકાર નોખો હોય છે.

### ઝલ

**યોગેશ પંડ્યા**

ઘણાં સ્મરણો હવે ટોળે વળ્યાં છે ઓરડામાં,
હજી મ્હેક્યાં કરે છે સ્પર્શ તારો ટેરવામાં.
ભૂંસાયા પણ નથી પગલાં તમારા આંગણામાં,
ભૂંસી દે એટલી તાકત નથી પણ આ હવામાં.
કશું બાકી નથી રાખ્યું તને મેં ચાહવામાં,
અને તે લોભ રાખ્યો એક ટીપું આપવામાં..!
હતો સાહેદ પોતે આપણી ગુલાબી ક્ષણનો,
હવે મારી સમેત નિશ્વાસ બળતા રે દીવામાં.
હતો બસ દર્દનો સારાંશ એ આખી કથામાં,
ખુશીનું એક પણ પ્રકરણ હતું નહીં વારતામાં !
અવર જો હોત તો આખી હકીકત જાત સમજી,
મને આ આયખું ઓછું પડ્યું સમજાવવામાં

૧૪૧, શિવનગર જૂનું, પ્રાયોશા રેસીડન્સી સામે,
તળાજા રોડ, ભાવનગર-૩૬૪૦૦૨

## ॥ વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ॥

## એક ઝાટકે ઉખેડવાનું

**કાકા કાલેલકર**

અસ્પૃશ્યતા અન્યાયમૂલક છે, તેમાં ધર્મ નથી પણ અધર્મ છે, એ વાત લોકોને ઠીક ઠીક ગળે ઊતરતી લાગી છે. તોપણ એમ કહેનારા ઘણા મળે છે કે હજારો વર્ષથી ચાલતી આવેલી રૂઢિ - અને તે પણ ધર્મને નામે ચાલતી રૂઢિ - એકદમ નહીં તૂટી શકે. જરા ધીરેથી કામ લેવાવું જોઈએ.

ધીરેથી કામ લેવાનું આ તત્ત્વજ્ઞાન બહુ ભયંકર છે. અમેરિકન સ્વાતંત્ર્યવીર વિલિયમ લોઈડ ગેરીસને જ્યારે કમર કસીને ગુલામીનો વિરોધ કરવા માંડ્યો ત્યારે વહેવારદક્ષ લોકો તેને કહેવા લાગ્યા કે, ''આમ જહાલ ન થશો; જરા ધીરેથી ચાલો, હળવે હળવે પગલાં માંડો.'' તે વખતે ગેરીસને જવાબ વાળેલો કે :

''હળવે હળવે પગલાં કેમ માંડવાં તે હું સમજતો નથી. તમારા ઘરને આગ લાગી હોય ત્યારે કોઈ તમને કહે કે, બંબો જરા આસ્તેથી ચલાવો, પાણી જરા થોડું થોડું છાંટો, તો તમે તેનું કેટલું સાંભળશો ? તમારું ઘર લૂંટનાર ચોરનો હળવે હળવે વિરોધ તમે કેવી રીતે કરશો ? તમારી માતા પર અત્યાચાર કરવા પ્રવૃત્ત થયેલા નરાધમનો પ્રતિકાર હળવેથી શી રીતે કરી શકશો ?''

સુધારો કે પ્રગતિ ભલે આરામથી ચાલે, પરંતુ અન્યાયનું મૂળ તો એક ઝાટકે ઉખેડવું જોઈએ; કંઈ નહીં તો આપણો પ્રયત્ન તો તે જ હોવો જોઈએ. નિર્ભેળ અન્યાય, હડહડતું પાપ, મહા અધર્મ, માણસની સ્વતંત્રતાને પગ નીચે કચડવી - એ બધાં સાથે છૂટછાટ શી મૂકવી ? શરીરમાં ગરમ લોહીનું એક ટીપું પણ રહ્યું હોય ત્યાં સુધી, આ અનાચારનો તીવ્રમાં તીવ્ર નિષેધ જ કરવો જોઈએ. કાં તો અસ્પૃશ્યતાની જડ ઊખડી જવી જોઈએ, અથવા ઉઘાડી આંખે તે જોઈ રહેનાર આપણો સદંતર નાશ થવો જોઈએ.

---

''અરધી સદીની વાચનયાત્રા''માંથી સાભાર

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**આઈસ્ટાર કૉલેજના સાઈબર સિક્યુરિટી પ્રોગ્રામ દ્વારા ''હેકલોક-૨૬''નું સફળ આયોજન** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત તથા સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કૉલેજના સાઇબર સિક્યુરિટી પ્રોગ્રામ દ્વારા પ્રોગ્રામ કોઓર્ડિનેટર પાર્થ પરીખના માર્ગદર્શન હેઠળ તા. ૨૮ જાન્યુઆરીના રોજ એક દિવસીય ટેકનિકલ અને નોન ટેકનિકલ સ્પર્ધા ''હેકલોક-૨૬''નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની વિવિધ બીસીએ, બીબીએ તથા આઈટી કૉલેજોના કુલ ૩૫૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ''હેકલોક-૨૬'' અંતર્ગત આઈટી ક્વિઝ, ટેક્ટૂન, ટ્રેઝર હન્ટ, સ્ટીલ ફોટોગ્રાફી, ફ્રી ફાયર, BGMI તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના આચાર્ય ડૉ. એમ. એમ. રાજના પ્રાસંગિક પ્રવચનથી કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. સર્વેશ ત્રિવેદીએ ''હેકલોક-૨૬''અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમની આભારવિધિ સ્નેહા પટેલ તથા પવન પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇવેન્ટ કો-ઓર્ડિનેટર મિતેશ પટેલ, આનવી ચૌહાણ ફેકલ્ટી મહિમા આહીર તથા સાઇબર સિક્યુરિટી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ''હેકલોક-૨૬''ની સફળતા બદલ પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. રાજ તથા કૉલેજ સંયોજક ડૉ.જીગર પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**।। લઘુકથા ।।**

## છપ્પરપગી ?

**પી. એમ. લુણાગરિયા**

૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન પ્રયાગરાજ ખાતે યોજાયેલ મહાકુંભ મેળાએ દેશભરમાં જ નહિ વિદેશોમાં પણ જબરો ક્રેઝ ઊભો કર્યો હતો. દૂર દૂરના ગામડાઓમાં પણ કુંભ સ્નાન માટે જબરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો હતો. કાશીમાં આવા પુણ્યના કામમાં કેમ પાછળ રહે ?

કાશીબા સિત્તેરની ઉંમર વટાવી ચૂક્યા હતા. ગામમાં એમની છાપ ''ભક્તાણી'' તરીકેની હતી. જોકે સ્વભાવે ખૂબ કચકચિયા હતા. વાતે વાતે ટકટક કરવાની એમને કુટેવ હતી. બાજુના ગામમાંથી એક સંઘ કુંભ સ્નાન માટે જઈ રહ્યો હતો. કાશીમા એ સંઘમાં હરખભેર સામેલ થઈ ગયા હતા. તેમની ગેરહાજરીથી ઘરમાં હવે શાંતિ હતી ખાસ કરીને તેમની પુત્રવધૂ વિજ્યાએ નિરાંતનો શ્વાસ લીધો હતો.

સંઘની ગતિવિધિના સમાચાર દરરોજ મોબાઈલ પર ઘેર પહોંચતા હતા. યાતાયાત અને લોકોની બેસુમાર ભીડના કારણે પ્રયાગરાજ પહોંચવામાં વિલંબ થયો હતો. સમાચાર મળતા રહેતા હતા. સૌ હેમખેમ હતા.

એવામાં એક સવારે દુ:ખદ સમાચાર આવ્યા હતા. ભાવિકોની કાબૂ બહારની ભીડ અને ધક્કામુક્કીમાં કાશીમાનો ભોગ લેવાયો હતો. ઉત્તરક્રિયા ત્યાં જ સંપન્ન કરવી પડી હતી. ખબર પડતાં જ ઘરમાં રોકકળ મચી ગઈ હતી. સમાચાર મળતાં જ આજુબાજુના અડોશપડોશમાંથી લોકો દિલાસો આપવા આવી પહોંચ્યા હતા. પણ વિજ્યાવહુની આંખો કોરી-ધાકોર હતી. એક અનુભવી ડોશીએ તારણ કાઢતા કહ્યું, ''મારી બાઈ, સાસુ જેવી સગી સાસુ અંતરિયાળ – પારકે પાદર કમોતે મરી ગઈ બિચારી. કોઈનો મોં મેળાપ પણ નો થ્યો. એટલે વહુને લાગી આવે ને ? આઘાતથી બિચારી વિજ્યાવહુ સૂનમૂન થઈ ગઈ છે.''

એક પડોશણે સૂચન કર્યું, ''આઘાત તો લાગે જ ને. પણ ઈ મનમાં ને મનમાં દુ:ખ ભરી રાખશે તો બેભાન થઈ જાહે. રડવાથી દુ:ખ હળવું થઈ જાય.''

આ તરફ વિજ્યા જુદા જ વિચારોમાં ડૂબી ગઈ હતી. સાસુના કવેણ હજુય કાનમાં ગુંજતા હતા. તેણે ચાર વરસ પહેલા પરણીને આ ઘરમાં પગો મૂક્યો હતો. એ સમયે કાશીમાએ ''ઢેલપગલી'' કહીને વિજ્યાને આવકારી હતી. પણ કમનસીબે ચાર વરસ વીતવા છતાં સારા દિવસોના એંધાણ જણાયા નહોતા. સમય વીતવા સાથે સાસુમાની ધીરજ અને ઈંતેજારી ખૂટી રહી હતી. સાથે સાથે પુત્રવધૂ તરફનો અભિગમ પણ બદલવા લાગ્યો હતો. ''ઢેલપગલી''નું બિરુદ ''છપ્પરપગી''માં ફેરવાઈ ગયું હતું. એ મહેણાંટોણાં અને કટુ શબ્દો યાદ આવતા વિજ્યાની આંખો વરસી પડી હતી. બધાયે નિરાંતે અનુભવી હતી. સારું થયું; રડી એટલે હૈયું હળવું થશે. કાશીમા આમ ઓચિંતા ગામતરું કરી ગ્યા. ઘર ખાલી થઈ ગ્યું એટલું રડવું તો આવે જ ને ? એવા આશ્વાસન સાથે પડોશીઓ છૂટા પડ્યા હતા.

આ તરફ વિજ્યાની આંખો ફરી કોરીધાકોર થઈ ચૂકી હતી.

---

ટાઈટન-૫૪, ફ્લેટ નં. સી-૪૦૨,
રિલાયન્સ મોલ પાછળ, સિલ્વર સ્ટોન મેઈન રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧, ફોન (મો) ૭૬૯૮૧૬૦૧૬૦

---

***પાછલા દુ:ખનું રોદણું રોવું કાયરોનું કામ છે !***
***ગણતરી કરીને સ્પર્ધાની તૈયારી કરવી એ બહાદુરીનું કામ છે.***

|| બાળવાર્તા ||

## સરસ મજાનું ચણ

દુર્ગેશ ઓઝા

અમી નામની એક છોકરી. એને બે શોખ. વાંચવું ને ફરવું. આવ્યો ઉનાળો. નિશાળમાં રજા પડી. અમી ગઈ મામા-મામીના ઘરે બહારગામ. મામાનું નામ જયેશ ને મામીનું નમ્રતા. મામાની દીકરી હેમલ ને દીકરો આદિત્ય. બાજુના ઘરમાં રહે ભાઈબહેન દધીચિ ને અંતરા. અંતરાને આદિત્ય બેય એક જ નિશાળમાં ભણે. એ બધાં સવારે દરિયાકાંઠે ફરવા ગયાં. ત્યાં ચકલી, કબૂતર, સીગલ, ધોળાં ગુલાબી રંગનાં લાંબી ડોકવાળાં સુરખાબ વગેરે પંખીઓ હતાં. અમુક લોકો એમને જુવાર, બાજરી, ચોખા, મગ વગેરે ચણ આપી રહ્યાં હતાં.

અધધધ! આટલાં બધાં પંખી ! ને એય પાછાં ડર્યા વિના આપણા હાથ પરને માથે બેસી ચણ ખાય ! વાહ રે વાહ ! એમ કહી અમી પહેલાં તો ખુશ થઈને નાચવા લાગી, તા ધીન તા ધીન. ધીનક ધીન તા ધીન, તા ધીન. પણ પછી એણે કંઈક જોયું એટલે ત્યાં જઈ બે પેકેટ લઈ એમાંથી સેવ ને ગાંઠિયા હજી તો ચાખ્યાં ત્યાં તો થૂ થૂ કરી એને મોઢામાંથી કાઢી નાખ્યાં ને મિત્રોને કહ્યું, 'અરે આ તો હવાઈ ગયેલો વાસી ને ખરાબ તેલવાળો ખોરાક છે ! પંખીને તેલવાળા ગાંઠિયા ! ? તીખી સેવ ને વેફર ! આવું કોઈ દી એમને ખવડાવાય ? એને ગળામાં ને પેટમાં દુ:ખશે.'

દધીચિ બોલ્યો, 'ગાંઠિયાનો તો થાય પેટમાં લોંદો. એ તો પેટમાં ચોંટી જાય. પંખીની હોજરી તો નરમ. એને તેલ ને મેંદાવાળું ખવડાવો તો એ વહેલાં મરી જાય, એની રુવાંટી ને એનાં પીંછા જલદી ખરી જાય',

આદિત્ય બોલ્યો, 'સાવ સાચું. પછી એ 'ફરરર...' કરીને જે મસ્ત ઊડે છે એવું ઝાઝું ઊડી ન શકે'.

જયેશભાઈ કહે, 'આવું તળેલું ખાવાનું એને ન પચે. જે પંખીઓ વર્ષોથી જુવાર, ચોખા વગેરે ધાન્ય જ ચણ તરીકે ખાતાં, એ હવે ટેસથી તેલવાળી ને તીખી વાનગીઓ ખાઈ પણ જાય છે બોલો!'

નમ્રતાબેન બોલ્યાં, 'એ તો જેવી ટેવ પાડો એવી પડે. પંખીને થોડી ખબર હોય કે આવું ખાવાથી નુકસાન થાય! જો કોયલ આવું ચણ ખાય તો એનો અવાજ બેસી જાય. પછી એ 'કુહુ કુહુ' નહીં, 'ઊહું ઊહું' કરશે.'

અંતરા કહે, બધી વાત સાચી, પણ આપણે ખાલી વાતો શું કામ કરવી? ચાલો ને આપણે આ બધાને સમજાવીએ કે આવું ચણ ન વેચાય કે ન નખાય. આદિત્ય કશુંક વિચારી રહ્યો. એણે વગાડી ચપટી. મને એક યુક્તિ સૂઝી છે. આપણે કંઈક નવી રીતે સમજાવીએ. આપણે નાટક કરવાનું છે. હું કહું એમ બધાં કરજો હો! એણે અંતરા વગેરેને પાસે બોલાવી આખી વાત કરી.

રઘુ ગાંઠિયા વેચતો હતો. બકોરભાઈએ ગાંઠિયા ખરીદ્યા, ત્યાં જ આદિત્યની ટોળી ત્યાં પહોંચી ગઈ.

આદિત્ય કહે, 'રઘુકાકા, મને ગાંઠિયાનું એક પડીકું આપો.' અંતરા કહે, 'આદિ, આ શું કરે છે? પંખીને આવું ચણ નાખીએ તો એ બીમાર પડે. જે બુદ્ધિના બારદાન એટલે કે મૂરખ હોય એ આવું ચણ વેચે ને લે.' હેમલે ટાપશી પુરાવી. 'હા હો! જે પંખીને પ્રેમ ન કરતું હોય એ જ આવું ચણ નાખે. પેલું ગીત છે ને કે 'ચણ ચણ બગલી ચણાની દાળ, હું પપૈયો તું મગની દાળ.' એમાંય પંખીને અનાજ જ દેવાની વાત છે.' આદિત્ય વગેરે તો જાણે કાંઈ જાણતાં જ નથી એમ અંદરોઅંદર વાત કરી રહ્યાં. બકોરભાઈને થયું, 'માળાવ આ બધાં ક્યાંક મને તો નથી

 ISSN 0976-9609

સંભળાવતાં ને? હું કાંઈ મૂરખ નથી.' એમણે પડીકાનો કર્યો ઘા. 'એય રઘુ, લે આ તારું ગાંઠિયાનું પડીકું પાછું. તેં તારી અક્કલ વેચવા કાઢી છે તે આવું ચણ વેચે છે!'

ચંપાબેન પંખીને સેવ નાખવાં જતાં હતાં ત્યાં જ હેમલ કહે, હું પંખી માટે સેવ લેતી આવું? અમી બોલી, ના, જેની અક્કલ ઘાસ ચરવા ગઈ હોય એટલે કે જેનામાં બુદ્ધિ ન હોય એ પંખીને સેવ આપે. અંતરા બોલી, ગુજરાતીમાં સેવ એટલે ખાવાની વાનગી, અંગ્રેજીમાં સેવ એટલે બચાવવું. આ તેલવાળી સેવ પંખીને નાખો તો પંખી સેવ ન થાય એટલે કે ન બચે. આ સાંભળી ચંપાબેન ચમકયાં, શરમાયાં. એણે છાનામાના, કોઈ ન જુએ એમ સેવનું પેકેટ પોતાની થેલીમાં નાખી દીધું ને જુવાર લાવી પંખીને નાખી. આદિત્યની ટોળી આમ બધે ફરી વળી ને એમાં બકોરભાઈ, ચંપાબેન વગેરે પણ ભળ્યાં, નાટક સફળ થયું હો! બાજુમાં નિમિષા નામની એક છોકરી ઊભી હતી. એ બોલી, 'આ તમે બહુ સારું કામ કર્યું. અભિનંદન.'

બીજા દિવસે...દરિયાકાંઠે ખેલ બરાબરનો જામ્યો હોં! અમીએ ઢોલકી વગાડી ને હેમલે મંજીરા. દધીચિ વગેરે સૌ ગીત ગાવાં લાગ્યાં, સુણો સુણો સૌ અમારું ગીત, પંખી સાથે કરો રે પ્રીત. ધીન ચક ધીન ચક, ધીન ચક ધીન ચક. ન દ્યો પંખીને ગાંઠિયા કે સેવ, પાડો ન એને ખોટી ટેવ, નહીંતર પંખી પડશે માંદા, એના મોઢામાં પડશે ચાંદાં. ઊડતા ઊડતા થાકી જશે, એના કાન પાકી જશે. આવું ચણ ન એને નાખો, એનો જીવ જોખમમાં ન નાખો. ચણમાં દે જે અનાજનો દાણો, એ માણસ સારો ને શાણો. બમબમ ભોલે, આદિત્ય ડોલે. બમબમ ભોલે, અંતરા ડોલે...' પેલું નાટક ને આ ગીત સળંગ દસ દિવસ ચાલ્યાં હો!

અગિયારમા દિવસે.. દરિયાકિનારે વાત મજાની થઈ. ગાંઠિયા, સેવ ને વેફર ગાયબ. એ વેચવાનું ને પંખીને એવું ચણ નાખવાનું સાવ બંધ થઈ ગયું હો! પંખીઓ લહેરથી જુવાર, ચોખા, મગ વગેરે ખાતાં હતાં. આ જોઈ આદિત્યની ટોળીમાં હતાં એ બધાં ખુશ થઈ નાચવા લાગ્યાં. ધા ધીન ધીન ધા, તા ધીન ધીન ધા, ધા ધીન ધીન ધા, તા ધીન ધીન ધા.

૧, જલારામનગર, નરસંગ ટેકરી,
ડૉ.ગઢવી સાહેબના મકાન પાછળ, પોરબંદર.
(મો.) ૯૮૯૮૧૬૪૯૮૮ E-mail:durgeshoza65gmail.com

## ॥ વિદ્યાવૃત્ત ॥

**ઈન્દુકાકા ઈપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી** (IICP) : ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો ''સ્મરણ'' ૨૦૨૫ શ્રીમતી રીશિતા પટેલ, કુ.આંચલ પટેલ (IICP ના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન સેલ) તા. ૨૧-૧૨-૨૦૨૫ સ્થાનિક ઇન્દુકાકા ઇપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી (IICP)નો બીજો એલ્યુમ્ની મીટ 21 ડિસેમ્બર 2025ના રોજ સફળતાપૂર્વક યોજાયો, જેમાં ૩૯ પૂર્વ વિદ્યાર્થી અને ૩૧ શિક્ષકોએ ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત વિશિષ્ટ સભ્યો દ્વારા પરંપરાગત દીપ પ્રજ્વલનથી થઈ. ત્યારબાદ એમ. ફાર્મના વિદ્યાર્થીઓ હિરલ રોહિત અને કૃષ્ણ નાયક દ્વારા પ્રાર્થના તથા ગણેશ વંદના નૃત્ય રજૂ કરવામાં આવ્યું. ડૉ. દિમલ શાહ અને સંયોજક શ્રીમતી ઋષિતા પટેલે પ્રતિષ્ઠિત એલ્યુમ્ની નામાંકન તથા એવોર્ડ કેટેગરીઝની જાહેરાત કરી. પ્રિન્સિપાલ ડૉ. દિમલ એ. શાહે સંસ્થાની તાજેતરની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો અને એલ્યુમ્ની સભ્યોને પોતાનું પરિચય આપવાનું આમંત્રણ આપ્યું. સમગ્ર કાર્યક્રમમાં સ્મૃતિઓ વહેંચાઈ, માર્ગદર્શન અને નેટવર્કિંગની તકો વિકસાવી, તથા એલ્યુમ્ની યોગદાનને માન્યતા આપી, જેનાથી સંસ્થાની સતત પ્રગતિ માટે જોડાણ મજબૂત બન્યું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રીમતી ઋષિતા પટેલ અને શ્રીમતી આંચલ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

॥ પ્રેરક ॥

## ઈન્દિરા-સુરેશનો સેવાયજ્ઞ

રણછોડ શાહ

સામાન્ય રીતે શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીને ચારિત્ર્ય ઘડતર કે કારકિર્દીના ઘડતર માટે તૈયાર કરતી હોય છે. સમાજની પણ લગભગ એવી જ અપેક્ષા હોય છે. બહુ જ થોડીક વ્યક્તિઓના ગળે એ વાત ઊતરે છે કે શૈક્ષણિક સંસ્થામાં થતું પ્રત્યાયન જીવંત વ્યક્તિઓ વચ્ચે હોય છે. જેમાં ચારિત્ર્ય ઘડતર પણ શિક્ષણનો ભાગ છે. વિદ્યાર્થી અને શિક્ષકનો નાતો અલગ પ્રકારનો હોય છે, તેવી સમજ મોટાભાગે મોટી ઉંમરે આવે છે. પરંતુ કેટલીક વ્યક્તિઓના જીવનમાં અનન્ય શિક્ષકો અનોખા બીજારોપણ કરતા હોય છે. સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટના સ્થાપક મેનેજિંગ ટ્રસ્ટી સુરેશ સોનીના વિદ્યાર્થીકાળમાં એક અનેરી ઘટના બની હતી. વડોદરાની એચ. વી. શ્રોફ મેમોરિયલ સ્કૂલમાં અભ્યાસ કરતા સુરેશ સોનીના વિદ્યાર્થીકાળ દરમ્યાન શિક્ષકશ્રી બી.એસ.જોષી સાહેબ પ્રવેશ્યા. સાહેબે શાળાના વિષયો શીખતાં શીખવતાં સેવાના પાઠ જાણે અજાણે સુરેશના મન અને હૃદયમાં ઊંડાણ સુધી રોપી દીધા. આ રોપેલ બીજ આજે અંકુરિત થયા અને સુરેશને ભારત સરકારે પદ્મશ્રીથી નવાજ્યા. આજે પણ પ્રત્યેક પળે સુરેશ, શ્રી બી. એસ. જોશી સાહેબને યાદ કરે છે. એવોર્ડ મળ્યા બાદ એકવાર તો મને તેને ફોન કરીને જો સાહેબનો ફોટો મળે તો તેમનું સ્ટેચ્યુ મૂકવાની વાત પણ કરી હતી. જોષી સાહેબ અમર થઈ ગયા અને એ રીતે શિક્ષકત્વએ પણ અમરત્વ પ્રાપ્ત કર્યું. આ તકે એ વાત નોંધતા આનંદ થાય છે કે એમિટી સ્કૂલ, ભરૂચના પ્રથમ મકાનનું ખાતમૂહુર્ત આ સેવાભાવી દંપતીના વરદહસ્તે ૧૧મી જૂન ૧૯૮૬ના રોજ થયેલું.

ભાઈ સુરેશ સાથે ૧૯૬૧ની સાલમાં વડોદરાની મ.સ.યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ સાયન્સમાં સાથે અભ્યાસ કરતા હતા. કોલેજમાં યુવાનો અને યુવતીઓ આકર્ષક વસ્ત્રો પરિધાન કરીને આવે પરંતુ સુરેશ તો ત્યારે પણ લેંઘો અને ખમીસ પહેરતો. સ્વભાવે અત્યંત શાંત પણ રમૂજી. વાતવાતમાં તેનામાં વાતાવરણને હળવું બનાવવાની ગજબની શકિત. કોલેજનાં વર્ષો દરમ્યાન તેના આ અભિગમનો અનેકવાર અનુભવ થયેલો. પરંતુ તે તેને આટલી ઊંચાઈ સુધી પહોંચવામાં પણ મદદ કરશે તેવી કલ્પના નહોતી ! અત્યંત તેજસ્વી કારકિર્દી પૂર્ણ કરી (એમ.એસસી., ગણિતશાસ્ત્ર, ફર્સ્ટ ક્લાસ વીથ ડિસ્ટીકશન) વ્યવસાયની શરૂઆત પણ અધ્યાપક બનીને અને તે પણ માતૃસંસ્થામાંથી જ કરી. મૈત્રીના નાતે અવારનવાર અમે મળતાં. બંનેનું વતન વડોદરા જિલ્લો. વ્યવસાય પણ એક જ હોવાથી મળવાનું સહજ બનતું. લગ્ન બાદ પણ તે સીલસીલો ચાલુ રહ્યો. તેના પત્ની ઈન્દિરાબહેન અને મારા પત્ની સીતા વચ્ચે પણ મૈત્રીનો તંતુ પાંગર્યો અને વિકસ્યો. તેથી વ્યાવસાયિક અને સામાજિક રીતે પણ અન્યોને નજીક આવવાની તક મળી. તે સમયના વડોદરાના યુવાનો ઉપર વડોદરાના જ સ્વ. ર.વ.દેસાઈની સમાજસેવાની અને દેશને સમર્પિત થવાની નવલકથાઓનો ઊંડો પ્રભાવ હતો. જે સુરેશ અને મારા ઉપર પણ ખરો. તેથી મળીએ ત્યારે વાતચીતના વિષયો શોધવા નહોતા પડતા. વૈચારિક પ્રક્રિયા પણ સરખી હોવાથી લાંબા સમય સુધી વાતનો દોર ચાલે. એકબીજાને મળવાનું આકર્ષણ પણ આ કારણે વધારે રહેતું.

વ્યાવસાયિક કાર્ય કરતાં કરતાં પણ તેની સેવાકીય પ્રવૃત્તિ ચાલુ હતી. વડોદરાની આસપાસની ઝૂંપડપટ્ટીમાં જઈ તે ગરીબોને મદદ કરતો હતો. તેના અને સમાજના સદ્દભાગ્યે તેના અર્ધાંગિની ઈન્દિરાબહેન પણ તેના રંગે રંગાઈ ગયાં. બંને જણ રક્તપિત્તના દર્દીઓ અને અન્ય વંચિતોને મદદ કરવામાં અત્યંત



ISSN 0976-9609

આનંદની તૃપ્તિ અનુભવતા હતા. વધારે સાચી વાત તો એ છે કે તેઓ સેવાની તક શોધતા અને ઊભી પણ કરતા હતા. જીવનના એક તબક્કે પ્રાધ્યાપકની નોકરી છોડી દઈ સંપૂર્ણપણે જીવન દીનદુખિયાની સેવા અને ખાસ કરીને રક્તપિત્તના દર્દીઓને સમર્પિત કરવાનું સજોડે નક્કી કરી દીધું.

વડોદરાના સીંધરોટ પાસે રક્તપિત્તની કોલોની વસી હતી. તેના પ્રારંભિક તબક્કે આ સોની દંપતી ત્યાં જોડાયું. તેઓ કોલોનીના રહેવાસીઓ સાથે સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયા. સૌના દિલ જીતી લીધા અને આજીવન ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. આ દરમ્યાન એક અંતેવાસીએ તેનું રોજિંદુ મહેનતાણું ન વધારતાં સુરેશ ઉપર ધારિયાથી હુમલો કર્યો. સુરેશ લોહીલુહાણ થઈ ગયો. બેભાન થતાં તેને વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કર્યો. હું અને મારા પત્ની તેની ખબર જોવા માટે ગયાં. ત્યારનો તેનો હસતો ચહેરો મારા મન અને હૃદયમાં સદાય અંકિત થઈ ગયેલો છે અને રહેશે. તેનું નિર્દોષ હાસ્ય, નિખાલસતા, હુમલાખોરને માફ કરવાની તેયારી અને મોં ઉપરની અનેરી શાંતિ કોઈ દેવદૂતથી સહેજ પણ ઓછી નહોતી તેમ ચોક્કસ જ રહી શકું. ભાઈ સુરેશ, તને સાદર વંદન.

શ્રમમંદિર, વડોદરા સાથે વૈચારિક મતભેદ થતાં ત્યાંથી અલગ થયા. તેઓ ભરૂચ જિલ્લામાં સ્થાઈ થાય તેવી અમારી લાગણી હતી. તેથી અમે જમીન સંપાદન માટે પ્રયત્ન કરતા હતા. તે સમયના ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખથી મણીભાઈ વસાવાએ ઝણોર પાસે જમીન આપવા તૈયારી પણ બતાવી હતી. નર્મદાનો કિનારો હોવાથી સુરેશને પણ જગ્યા પસંદ હતી. પરંતુ કોઈકે એમ વાત ફેલાવી કે રક્તપિત્ત ચેપી છે અને તેથી જમીન મેળવવાનું કાર્ય પૂર્ણ ન જ થયું.

આ સમય દરમ્યાન રાજેન્દ્રનગર પાસે આવેલ ૩૦ એકમ જમીનથી રામુભાઈ પટેલે દાનમાં આપતાં ત્યાં સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટની શરૂઆત થઈ. તા. ૧૪-૯-૧૯૮૮ ના ગણેશચતુર્થીના પાવન પર્વે ૨૦ રક્તપિત્ત ગ્રસ્ત અને ૬ વિદ્યાર્થીઓથી કાર્યની શરૂઆત થઈ જે આજે વટવૃક્ષમાં વિસ્તરી ગયું છે. જેમાં રક્તપિત્તગ્રસ્તો, તેમના કુટુંબીજનો અને બાળકો, મંદબુદ્ધિવાળા તથા અન્ય પ્રકારના માનસિક અને શારીરિક તકલીફવાળા છે. ત્યાં શાળા છે અને કુમાર-કન્યા છાત્રાલય પણ છે. અત્યારે ત્યાં ૧૦૦૦ થી વધારે વસાહતીઓ રહે છે. તેમના રહેવાની તમામ જવાદારી ટ્રસ્ટ નિભાવે છે. ત્યાં રહેતા લોકોને બે સમય જમવાનું અને નાસ્તો આપવામાં આવે છે. બાળકોને શિક્ષણ આપવાની કામગીરી પણ ટ્રસ્ટ કરે છે. આરોગ્ય-વિષયક સગવડો પણ પૂરી પાડવામાં આવે છે. આ વ્યવસ્થા તંત્રને નિભાવવાની કામગીરી અત્યંત કપરી છે. પરંતુ સૌ પ્રેમપૂર્વક નિઃસ્વાર્થભાવે સેવા કરી સમાજમાં અલગ ચીલો ચાતરી રહ્યા છે.

અત્યારે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીની જવાબદારી શ્રી દીપકભાઈ સોની તથા અન્ય ટ્રસ્ટીઓ શ્રીમતી ઈન્દિરાબેન, શ્રી સુભાષભાઈ, શ્રી સંજયભાઈ, શ્રી રમેશભાઈ અને ડૉ.પારૂલબેન નિભાવી રહ્યા છે. આ સેવાકીય કાર્યમાં સમાજ જેટલો ફાળો આપે તેટલો આવકારદાયક છે. સામાન્ય લોકો આર્થિક દાન, સમયદાન કે અન્ય રીતે સેવાકીય મદદ જરૂરથી કરી શકે છે.

સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ,
રાજેન્દ્રનગર ચોકડી, જિ.સાબરકાંઠા-૩૮૩૨૭૬
(મો) ૯૪૨૯૨૪૧૯૦૦, ૭૪૩૫૦૮૯૯૦૦
ઉપર સંપર્ક કરી શકાય છે.

---

એમિટી સ્કૂલ, ભરૂચ,
(મો) ૯૯૭૯૮૬૧૬૩૧

## ॥ સાહિત્યિક ॥

## જીવન ઘડતરમાં સાહિત્યનું યોગદાન

**અર્જુનસિંહ કે. રાઉલજી**

સાહિત્ય અને જીવન ઘડતર એ એક સિક્કાની બે બાજુ છે. બેમાંથી એકની પણ ગેરહાજરીથી સિક્કાનું કોઈ જ મૂલ્ય રહેતું નથી. સાહિત્ય અને જીવન ઘડતર એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. સાહિત્ય એ માનવ જીવનનો અરીસો છે , જે આપણી આસપાસની દુનિયા, આપણી લાગણીઓ અને આપણા વિચારોને પ્રતિબિંબિત કરે છે. તે માત્ર કથાઓ અને કવિતાઓનો સંગ્રહ નથી, પરંતુ જીવન જીવવાની કળા શીખવતું એક શક્તિશાળી સાધન પણ છે. એટલા માટે તો આટલા બધા સમય પછી પણ ''રામાયણ'' અને ''મહાભારત'' એટલાં લોકપ્રિય છે. રામાયણ તો જીવન ઘડતર માટે એક આદર્શ રચના છે આદર્શ પિતા, આદર્શ પુત્ર, આદર્શ પત્ની, આદર્શ ભાઈ, આદર્શ મિત્ર અને આદર્શ શત્રુ કેવા હોવા જોઈએ- એની સંપૂર્ણ માહિતી રામાયણમાં રસપ્રદ રીતે મળે છે. રાજનીતિ દ્વારા પુત્રમોહ, વ્યૂહરચના, છળકપટ, બદલો વગેરેની રસપ્રદ માહિતી આજે પણ મહાભારત પૂરી પાડે છે. જીવનઘડતરમાં સાહિત્ય કેવો ભાગ ભજવે છે તેનું ઉત્કૃષ્ટ અને સંપૂર્ણ ઉદાહરણ આ બંને ગ્રંથોમાં જોવા મળે છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે : સાહિત્ય સંગીત કલાવિહીન, સાક્ષાત્પશું, પુચ્છવિહીન આની સમજૂતી કંઈક આવી થાય કે ''સાહિત્ય, સંગીત અને અન્ય કલાઓમાં રુચિ ન ધરાવનાર માણસ પૂંછડા અને શિંગડા વિનાના પશુ જેવો છે.'' અહીં હું માનવ જીવનના સંદર્ભમાં માત્ર સાહિત્ય વિષે જ વાત કરવા માંગુ છું. સાહિત્ય એ માનવ જીવનની અનિવાર્ય જરૂરિયાત છે. તે માનવીની આંખ ઉઘાડનારી, જીવન ઘડતર માટે પ્રેરક બાલ પૂરું પાડનાર અને માનવજીવન, માનવીય પ્રેમ, માનવ સ્વભાવ તેમજ સમગ્રતયા કહીએ તો માનવતાને સમજાવનાર અને સજાવનાર ઉપદેશક અથવા ગુરુ સમાન છે. સાહિત્ય માનવીને પશુતામાંથી બહાર આવવા અને માનવતાને અપનાવવા માટે મદદરૂપ થાય છે. કુદરત તરફથી ઉપહાર સ્વરૂપે માનવીને પ્રાપ્ત થયેલ બુદ્ધિમત્તા જ તેને અન્ય પ્રાણીઓથી માત્ર અલગ જ નહિ, પણ સર્વશ્રેષ્ઠ બનાવે છે. ધાર્મિક અને અન્ય વિજ્ઞાનો સહિતના સમગ્ર સાહિત્યનો અભ્યાસ માનવીની માત્ર બુદ્ધિ-શક્તિને જ ધારદાર બનાવતો નથી, પણ તેને પ્રેરણા આપવા અને એવું માનસિક વલણ બાંધવામાં મદદરૂપ થાય છે કે જે થકી માનવી દૃશ્ય અને અદૃશ્ય એવી બ્રહ્માંડની સઘળી બાબતોને સમજી શકે. કવિઓ, ફિલસૂફો, બુધ્ધિજીવીઓ અને ધર્મધુરંધરોનો સામાજિક અને ધાર્મિક સાહિત્યો થકી માનવી આધ્યાત્મિકતા, બ્રહ્માંડની દિવ્યતા, અને તેનાં રહસ્યો તથા સઘળાં સર્જનોનો સર્જક એવા સર્વશક્તિમાન સર્જનહારને સમજી અને ઓળખી શકવા સમર્થ બને છે અને સામાન્ય માનવીમાંથી તે મહામાનવ પણ બની શકે છે. સાહિત્ય માનવીના મન અને આત્માને એવું પોષણ પૂરું પાડે છે કે જે થકી તે ખુદ પોતાના જીવનને સફળ બનાવતા પોતાના વિચારોને સમૃદ્ધ બનાવી શકવા ઉપરાંત એ સઘળી માનવજાતના કલ્યાણ માટેનું વિચારતો થાય છે અને એ માટે સતત ચિંતિત પણ રહે છે.

પુખ્તવયે પહોંચેલ કોઈપણ વ્યક્તિ જો સાહિત્ય પરત્વે ઉદાસીનતા સેવે તો તે રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્ય સર્જકતા (Authorship) શીર્ષક-વાળા કાવ્યના બાળક સમાન છે. એ કાવ્યમાંનું બાળક પોતાના સાહિત્યકાર પિતા ઉપર કેટલાક આરોપો મૂકતાં પોતાની માતા સમક્ષ ફરિયાદ કરે છે. પહેલાં તે કહે છે, પિતાજી વિપુલ પ્રમાણમાં ભલે પુસ્તકો લખતા હોય, પણ તે શું લખે છે તે મારી સમજમાં આવતું નથી. વળી આટલું જ નહિ, પણ તે તેની માતાને પણ પોતાની વાત સાથે સંમત થવાનું જણાવતાં કહે છે કે તે પણ તેની જ જેમ તેમના લખાણને સમજી શકતી નહિ જ હોય ! એ બાળક સાવ નિર્દોષભાવે પોતાની માતાને પિતા કરતાં ચઢિયાતી એ દલીલથી


ISSN 0976-9609

ગણાવે છે કે તેણી કેવી સરસ વાર્તાઓ કહી સંભળાવે છે કે જે તેના પિતાજી લખી શકતા નથી. આપણને રમૂજ થાય એવા શબ્દોમાં તે બાળક તેની માતાને પૂછે છે કે શું તેમણે તેમની માતા પાસેથી આવી વાર્તાઓ સાંભળી નહિ હોય કે પછી તે એ બધું ભૂલી ગયા હશે ! વધુ આગળ તે બાળક ઉમેરે છે કે પિતાજી સાચે જ સાવ એવા ધૂની થઈ ગયા છે કે જાણે આખોય સમય તે પુસ્તકો બનાવવાની કોઈક રમત ના રમી રહ્યા હોય ! વળી તે માતાનો ઉધડો લેતાં તેમને એ પણ પરખાવી દે છે કે તું પણ મને ઘરમાં જરા સરખો પણ અવાજ કરવા દેતી નથી એમ કહીને કે તેમના કામમાં ખલેલ પહોંચે છે ! આગળ જતાં બાળકની બીજી એક વાત આપણને હસાવ્યા વિના રહેતી નથી, જ્યારે તે પોતાની નોટબુકમાં એ, બી, સી. ડી વગેરે અક્ષરો લખે છે તેમ તેના પિતા તેનાથી વિશેષ કશું લખતા નથી. બાળકની દલીલોમાં પરાકાષ્ઠા તો ત્યારે આવે છે કે તેના માટે પિતાજી કાગળનો ઢગલે ઢગલા બગાડે છે, ત્યારે તે તેમને કશું જ કહેતી નથી અને પોતાને હોળી બનાવવા એક કાગળ સુધ્ધાં લેવા દેતી નથી ! અહીં આ કાવ્યનો સાર પૂરો થાય છે જે આપણને બાળકના ઘડતર માટેનો પાયો પૂરો પાડે છે.

આજકાલ લોકોમાં સાહિત્ય વાચન નોંધપાત્ર માત્રામાં ઘટ્યું છે જેના કારણોમાં કહી શકાય કે આજના સમાજનાં જ કેટલાંક પરિબળો તેના માટે જવાબદાર છે. મનોરંજન માટે ટીવી, ચલચિત્રો, મોબાઈલ અને સોશ્યલ મીડિયાનું આક્રમણ તેના માટે મુખ્ય છે. વધારામાં કુટુંબના ભરણપોષણ માટે કરવી પડતી દોડધામ પણ તેના માટે જવાબદાર છે. આવી પરિસ્થિતિમાં વાચન એ ભુલાઈ જતી કલા બની ગયું છે. જોકે હાલ તો વાંચવાના બદલે સાંભળી શકાય તેવા સાહિત્યનું પણ નિર્માણ થવા માંડયું છે.

**સાહિત્ય કેવી રીતે જીવનનું ઘડતર કરે છે તે આપણે નીચે પ્રમાણે દર્શાવી શકીએ.**

૧. **નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સિંચન :** સાહિત્ય ખાસ કરીને પૌરાણિક કથાઓ, લોકકથાઓ અને મહાકાવ્યો આપણને સત્ય, અહિંસા, કરુણા, સહિષ્ણુતા અને ન્યાય જેવાં મૂળભૂત નૈતિક મૂલ્યો શીખવે છે. રામાયણ અને મહાભારત જેવાં ગ્રંથોમાંથી આપણે ધર્મ અને કર્તવ્યનું પાલન કરવાનું શીખી શકીએ છીએ.

૨. **સંવેદનશીલતા અને સહાનુભૂતિનો વિકાસ :** સાહિત્યના પાત્રોના સુખદુઃખ અને સંઘર્ષોને વાંચીને આપણે તેમની લાગણીઓને સમજી શકીએ છીએ. આનાથી આપણામાં સહાનુભૂતિ અને સંવેદનશીલતા વિકસે છે. આપણે બીજાના દૃષ્ટિકોણથી દુનિયાને જોતાં શીખીએ છીએ, જેનાથી સમાજમાં સુમેળ અને શાંતિ જળવાઈ રહે છે.

૩. **વિચારશક્તિ અને કલ્પનાશક્તિમાં વધારો :** સાહિત્ય આપણી વિચાર શક્તિને વિસ્તૃત કરે છે. તે આપણને નવા વિચારો અને ખ્યાલો સાથે પરિચય કરાવે છે. નવલકથાઓ, કવિતાઓ અને નાટકો વાંચવાથી આપણી કલ્પના શક્તિને પાંખો મળે છે.

૪. **ભાષા અને અભિવ્યક્તિની સુધારણા :** સાહિત્ય વાંચવાથી ભાષા પર પ્રભુત્વ વઢે છે. નવાં શબ્દો, વાક્યરચનાઓ અને અભિવ્યક્તિની શૈલી શીખવા મળે છે, જેનાથી આપણું સંચાર કૌશલ્ય સુધરે છે.

ટૂંકમાં, સાહિત્ય આપણા જીવનને માત્ર મનોરંજન પૂરું પાડતું નથી, પરંતુ તે આપણને વધુ સારા માનવ બનાવે છે. તે આપણા જીવનના પડકારોનો સામનો કરવા અને એક સાર્થક જીવન જીવવા માટે સજ્જ કરે છે.

હવે આપણે આ બધાં જ મુદ્દાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીએ.

૧. **સાહિત્ય દ્વારા નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સિંચન** : સાહિત્ય માનવ જીવનમાં નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સિંચન કરવાનું એક શક્તિશાળી માધ્યમ છે. તે માત્ર કથા કવિતાઓ નથી, પરંતુ જીવન જીવવાની સાચી દિશા દર્શાવતું એક માર્ગદર્શક છે.

- **નૈતિક મૂલ્યોનું સિંચન :** સાહિત્ય વિવિધ પાત્રો અને પરિસ્થિતિઓ દ્વારા આપણને જીવનના ઊંડા પાઠ શીખવે છે .
- **સત્ય અને અહિંસા :** મહાત્મા ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' અને મહાભારતમાં યુધિષ્ઠિરનું પાત્ર સત્યનું પાલન કેવી રીતે કરવું તે દર્શાવે છે. આનાથી આપણને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા મળે છે .
- **કરુણા અને સહિષ્ણુતા :** કબીર, તુલસીદાસ અને નરસિંહ મહેતા જેવાં સંતકવિઓનાં ભજનો અને પદો સમાજમાં કરુણા, સહિષ્ણુતા અને પ્રેમનો સંદેશ ફેલાવે છે. તે આપણને સૌને સમાન દૃષ્ટિએ જોવાનું શીખવે છે.
- **ન્યાય અને ધર્મ :** રામાયણમાં રામનું પાત્ર અને મહાભારતમાં શ્રીકૃષ્ણનો ઉપદેશ આપણને ધર્મ અને ન્યાયનું મહત્ત્વ સમજાવે છે. તે આપણને કર્તવ્યનિષ્ઠ બનવાની પ્રેરણા આપે છે.
- **અર્પણ અને બલિદાન :** પૌરાણિક કથાઓમાં અનેક પાત્રો જેમકે શ્રવણ, હરિશ્ચન્દ્ર અને દધીચિ ઋષિ તેમના ત્યાગ જીવનનાં ઉદાહરણો દ્વારા ત્યાગ અને બલિદાનનું મહત્ત્વ સમજાવે છે.
- **સંસ્કારોનું ઘડતર** : સાહિત્ય ફક્ત ઉપદેશ નથી આપતું, પરંતુ તે આપણી વિચારધારા અને વર્તનને પણ પ્રભાવિત કરે છે.
- **કૌટુંબિક સંબંધોનું મહત્ત્વ :** પ્રેમચંદ અને ઉમાશંકર જોશી જેવા સાહિત્યકારોની કૃતિઓ કુટુંબના બંધનો, વડીલો પ્રત્યે આદર અને સંબંધોની મધુરતાનું મહત્ત્વ દર્શાવે છે.
- **સમાજ પ્રત્યે જવાબદારી :** સાહિત્યિક કૃતિઓ ઘણીવાર સામાજિક કુરિવાજો અને અસમાનતાઓને ઉજાગર કરે છે, જેનાથી સમાજ પ્રત્યે આપણી જવાબદારીની ભાવના જાગૃત થાય છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની સરસ્વતીચંદ્ર સમાજ સુધારણાની ભાવના ઉત્તેજિત કરે છે.
- **આત્મસન્માન અને સ્વાભિમાન :** ચંદ્રકાંત બક્ષી કે સુરેશ જોષી જેવા લેખકોની કૃતિઓ પાત્રોનાં સંઘર્ષ દ્વારા આત્મસન્માન અને સ્વાભિમાન જાળવી રાખવાનું મહત્ત્વ સમજાવે છે. આમ, સાહિત્ય દ્વારા આપણે માત્ર વાચક નથી રહેતા, પરંતુ જીવનના પાઠ શીખીને એક સારા નાગરિક અને સંવેદનશીલ મનુષ્ય બનીએ છીએ. તે આપણામાં સાચા સંસ્કારોનું સિંચન કરીને એક ઉદાત્ત જીવન જીવવાની પ્રેરણા આપે છે.

૨. **સાહિત્ય દ્વારા સંવેદનશીલતા અને સહાનુભૂતિનો વિકાસ :** સાહિત્ય માનવ હૃદયને સ્પર્શીને સંવેદનશીલતા અને સહાનુભૂતિનો વિકાસ કરે છે. તે આપણને માત્ર બહારની દુનિયાથી જ નહિ, પણ માનવીય સંબંધો, લાગણીઓ અને સંઘર્ષોથી પણ પરિચય કરાવે છે.

- **સંવેદનશીલતાનો વિકાસ :** સાહિત્ય વાચકને પાત્રોના સુખ-દુઃખ, ચિંતાઓ અને આશાઓ સાથે જોડે છે.
- **પાત્રોના જીવનમાં પ્રવેશ :** જ્યારે આપણે કોઈ નવલકથા કે કવિતા વાંચીએ છીએ, ત્યારે આપણે પાત્રોના જીવનમાં પ્રવેશ કરીએ છીએ. આપણે તેમના વિચારો અને લાગણીઓને અનુભવીએ છીએ. દા.ત. કોઈ ગરીબ બાળકનું વર્ણન વાંચીને આપણે તેની ભૂખ અને સંઘર્ષની પીડા અનુભવી શકીએ છીએ.
- **સૂક્ષ્મ ભાવનાઓનું જ્ઞાન :** સાહિત્ય આપણને જીવનની સૂક્ષ્મ ભાવનાઓ જેમ કે પ્રેમ, વિરહ, ભય, ક્રોધ અને આનંદને ઊંડાણપૂર્વક સમજાવે છે. કવિતા આ ભાવનાઓને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરે છે, જેનાથી આપણી સંવેદનશીલતા વધે છે.
- **વિવિધ દૃષ્ટિકોણથી જીવનને જોવું :** સાહિત્ય આપણને જુદાં જુદાં લોકોનાં દૃષ્ટિકોણથી જોવાની તક આપે છે. જેમ કે કોઈ સ્ત્રીપાત્રના દૃષ્ટિકોણથી

સમાજને જોવું કે કોઈ વૃદ્ધ પાત્રના અનુભવોને સમજવા, તે આપણી સંવેદનશીલતાને વિસ્તૃત કરે છે.

- **સહાનુભૂતિનો વિકાસ :** સહાનુભૂતિ એટલે બીજાની લાગણીઓને સમજવાની અને અનુભવવાની ક્ષમતા. સાહિત્ય આ ક્ષમતાને મજબૂત બનાવે છે.
- **પ્રેરક કથાઓ :** પૌરાણિક કથાઓ અને લોકકથાઓમાં એવાં પાત્રો હોય છે જે બીજાના દુઃખને દૂર કરવા માટે પ્રયાસ કરે છે. આ વાર્તાઓ આપણને બીજા પ્રત્યે સહાનુભૂતિ રાખવાની પ્રેરણા આપે છે.
- **સામાજિક વાસ્તવિકતાનું પ્રતિબિંબ :** સાહિત્ય સામાજિક અસમાનતા, ગરીબી અને અન્યાય જેવી વાસ્તવિકતાને રજૂ કરે છે. આ વાર્તાઓ વાંચીને આપણે સમાજના વંચિત વર્ગનાં લોકોની પીડા સમજી શકીએ છીએ અને તેમના માટે સહાનુભૂતિ વિકસાવી શકીએ છીએ. દા.ત. પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' દુષ્કાળની ભયાનકતા અને માનવીય સંઘર્ષનું ચિત્રણ કરે છે, જે વાચકમાં ઊંડી સહાનુભૂતિ જગાડે છે.
- **સાર્વત્રિક માનવીય લાગણીઓ :** ભલે પાત્રો ગમે તેવા સાંસ્કૃતિક કે સામાજિક પૃષ્ઠભૂમિના હોય, તેમની લાગણીઓ સાર્વત્રિક હોય છે. પ્રેમ, દુઃખ અને આશા જેવી લાગણીઓ આપણે સૌ અનુભવીએ છીએ. સાહિત્ય આ સાર્વાત્રિકતાને પ્રકાશિત કરે છે, જેનાથી આપણે બીજા માનવીઓ સાથે જોડાઈએ છીએ.

  આમ સાહિત્ય માત્ર મનોરંજન નથી, પરંતુ એક એવું શિક્ષણ જે આપણને વધુ સંવેદનશીલ અને સહાનુભૂતિશીલ મનુષ્ય બનાવે છે. તે આપણને શીખવે છે કે આપણે બધાં એકબીજા સાથે જોડાયેલા છીએ અને દરેક વ્યક્તિના જીવનની એક પોતાની વાર્તા હોય છે.

૩. **સાહિત્ય દ્વારા વિચારશક્તિ અને કલ્પના-શક્તિમાં વધારો :** સાહિત્ય માત્ર વાર્તાઓ કે કવિતાઓનો સંગ્રહ નથી, પરંતુ તે માનવ મગજ માટે એક કસરત સમાન છે. તે વિચારશક્તિ અને કલ્પનાશક્તિ બન્નેને વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- **વિચારશક્તિમાં વધારો :** સાહિત્યિક કૃતિઓ આપણને વિચારવા માટે મજબૂર કરે છે.
- **પ્રશ્નો પૂછવાની ક્ષમતા :** સારી સાહિત્યિક કૃતિઓ સીધા જવાબ આપતી નથી, પરંતુ વાચકના મનમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે. જેમકે ''શા માટે પાત્રે આવો નિર્ણય લીધો ?'', ''જો હું આ જગ્યાએ હોત તો શું કરત ?'' આ પ્રકારના પ્રશ્નો આપણી તાર્કિક અને વિશ્લેષણાત્મક વિચારશક્તિને વેગ આપે છે.
- **જટિલ પરિસ્થિતિઓનું વિશ્લેષણ :** નવલ-કથાઓમાં જટિલ પરિસ્થિતિઓ અને પાત્રોના માનસિક સંઘર્ષનું વર્ણન હોય છે. આને વાંચીને આપણે જુદાં જુદાં પરિબળોનું વિશ્લેષણ કરતાં શીખીએ છીએ. આ કુશળતા વાસ્તવિક જીવનની સમસ્યાઓ ઉકેલવામાં પણ મદદરૂપ થાય છે.
- **નવા વિચારોનો પરિચય :** સાહિત્ય નવીન વિચારો, ફિલસૂફીઓ અને સામાજિક ખયાલોનો પરિચય કરાવે છે. જેમ કે ક્રાંતિકારી સાહિત્ય પરિવર્તનના વિચારને પ્રોત્સાહન આપે છે, જ્યારે વૈજ્ઞાનિક સાહિત્ય ભવિષ્ય વિશેની ટેકનોલોજી અને વિજ્ઞાન વિશે વિચારવા પ્રેરણા આપે છે.
- **કલ્પનાશક્તિમાં વધારો :** સાહિત્ય વાંચતી વખતે આપણે પાત્રો, સ્થળો અને ઘટનાઓને આપણા મનમાં કલ્પના કરીએ છીએ.
- **દશ્યોનું નિર્માણ :** જ્યારે આપણે કોઈ કવિતા કે વાર્તા વાંચીએ છીએ, ત્યારે શબ્દો આપણા મનમાં ચિત્રો બનાવે છે. જેમકે ''ઘેરા વાદળો ઘેરી વળ્યા હતા અને વીજળી કડકતી હતી'' જેવું

વાક્ય વાંચતાં જ આપણે વરસાદ અને તોફાનનું દશ્ય મનમાં બનાવી લઈએ છીએ. આ કસરત આપણી કલ્પનાશક્તિને મજબૂત બનાવે છે.

- **અજાણ્યા વિશ્વની મુસાફરી :** ફેન્ટેસી અને સાયન્સ ફિક્શન જેવી સાહિત્યની શૈલીઓ આપણને એવા વિશ્વમાં લઈ જાય છે જે ક્યારેય અસ્તિત્વમાં જ નથી. અહીં આપણે વિચિત્ર જીવો, અવકાશયાનો અને જાદુઈ શક્તિઓની કલ્પના કરીએ છીએ. આનાથી આપણી કલ્પનાશક્તિને પાંખો મળે છે.
- **ભાવનાત્મક અનુભવો :** સાહિત્ય આપણને એવા ભાવનાત્મક અનુભવો કલ્પવા માટે પ્રેરે છે જે આપણે વાસ્તવિક જીવનમાં કદાચ ન અનુભવ્યા હોય. પ્રેમ, નુકસાન, વિજય અને હાર જેવી લાગણીઓના ઊંડાણની કલ્પના કરી શકીએ છીએ.

આમ, સાહિત્ય મન અને મગજ બંનેનો સમાનરૂપે વિકાસ કરે છે. તે આપણને માત્ર જ્ઞાન જ નથી આપતું, પરંતુ આપણા મગજને વધુ સક્રિય, સર્જનાત્મક અને વિચારશીલ પણ બનાવે છે.

૪. **સાહિત્ય દ્વારા ભાષા અને અભિવ્યક્તિની સુધારણાઃ** સાહિત્ય ભાષા અને અભિવ્યક્તિને સુધારવામાં એક અસરકારક ભૂમિકા ભજવે છે. તે આપણને નવા શબ્દો, વાક્યરચનાઓ અને અભિવ્યક્તિની શૈલીઓથી પરિચય કરાવે છે, જેનાથી આપણી ભાષાકીય સમજ અને પ્રભુત્વ વધે છે.

- **શબ્દભંડોળ અને વાક્યરચનામાં સુધારણા :** સાહિત્ય વાંચવાથી આપણા શબ્દભંડોળમાં નોંધપાત્ર વધારો થાય છે.
- **નવા શબ્દોનો પરિચયઃ** કવિતાઓ, નવલકથાઓ અને લેખ વાંચતી વખતે આપણે એવા શબ્દો અને રૂઢિપ્રયોગો શીખીએ છીએ જેનો આપણે સામાન્ય વાતચીતમાં ઓછો ઉપયોગ કરતાં હોઈએ છીએ. આનાથી આપણી ભાષા સમૃદ્ધ બને છે.
- **વાક્યરચનાની વિવિધતા :** સાહિત્યિક કૃતિઓમાં લેખકો વિવિધ પ્રકારની વાક્યરચનાઓનો ઉપયોગ કરે છે. સરળ, જટિલ, લાંબા કે ટૂંકા વાક્યોનું વાચન કરવાથી આપણે આપણી પોતાની ભાષામાં વિવિધતા લાવતાં શીખીએ છીએ.
- **અભિવ્યક્તિની કળાનો વિકાસ :** સાહિત્ય આપણને વિચારો અને લાગણીઓને સચોટ રીતે વ્યક્ત કરવાની કળા શીખવે છે.
- **ભાવનાઓની અભિવ્યક્તિ :** કવિતા, ગઝલ અને નાટકો જેવી સાહિત્યિક શૈલીઓ માનવીય લાગણીઓ જેમકે પ્રેમ, કરુણા, ગુસ્સો અને દુઃખને વ્યક્ત કરે છે. આનાથી આપણે પણ આપણી લાગણીઓને યોગ્ય શબ્દોમાં રજૂ કરતાં શીખીએ છીએ.
- **લેખન કૌશલ્યમાં સુધારો :** જે લોકો નિયમિતપણે સાહિત્ય વાંચે છે, તેમનું લેખન કૌશલ્ય આપોઆપ સુધરે છે. તેઓ પ્રભાવશાળી રીતે પોતાના વિચારો વ્યક્ત કરી શકે અને વધુ આકર્ષક લેખન કરી શકે છે.

આમ, સાહિત્ય માત્ર મનોરંજન નથી, પરંતુ ભાષાના શિક્ષણ અને વિકાસ માટે એક ઉત્તમ સાધન છે. તે આપણી અભિવ્યક્તિને વધુ સચોટ, સુંદર અને પ્રભાવશાળી બનાવે છે.

**Refrences :**


- Life and Literature William's Tales.
- Aksharnad.com.
- www.gujaratinots.com
- <https//gu.wikipedia.org>.


---


૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨,
મુજમહુડા, અકોટા રોડ,
વડોદરા-૩૯૦૦૨૦. (મો) ૭૯૮૪૨૬૫૬૪૩
E.Mail:a.k.raulji@gmail.com




ISSN 0976-9609

|| પુસ્તક સમીક્ષા ||

## નડિયાદી મિક્સ : હાસ્ય વ્યંગનું ચવાણુ

ભીખાભાઈ દેસાઈ

### પ્રસ્તાવના : સર્જકની સભાન આત્મખોજ

ગુજરાતી હાસ્ય સાહિત્યના ફલક પર જ્યારે આપણે સ્વાતિ મેઢના પ્રદાનને મૂલવીએ, ત્યારે સૌ પ્રથમ નજરે પડે છે તેમની 'અલ્પ-સર્જન પણ ઉચ્ચ-તર્પણ'ની વૃત્તિ. ડૉ. સ્વાતિ મેઢના ૫૩ વર્ષના લેખન પ્રવાસનું પાથેય એટલે 'નડિયાદી મિક્સ.' એક ભાવક તરીકે જ્યારે આપણે આ સંગ્રહને જોઈએ, ત્યારે તેમાં માત્ર સ્મરણોનું ગાડાબેલું નથી, પરંતુ એક સર્જકની સભાન આત્મખોજ છે. તેમના જ શબ્દોમાં કહીએ તો, ''આનંદ પ્રવાસનો છે, શિખર સર કર્યાનો નહીં.'' આ વિધાન જ તેમના સર્જન પ્રત્યેના અભિગમની પારદર્શકતા સિદ્ધ કરે છે.

### ૧. સાહિત્યિક પ્રક્રિયા અને પ્રતિષ્ઠાનો સંઘર્ષ :

પુસ્તકના પ્રારંભે મુકાયેલો લેખ પાથેય તિલક કર્યા ને ત્રેપન થયાં એક સાહિત્યિક દસ્તાવેજ સમાન છે. લેખિકા અહીં સ્વીકારે છે કે તેમણે જથ્થાના ભોગે ગુણવત્તાને પ્રાધાન્ય આપ્યું છે. વર્તમાન સમયમાં જ્યારે કૉલમ-લેખનનો અતિરેક સાહિત્યિક તત્ત્વને હણી રહ્યો છે, ત્યારે સ્વાતિબેને છાપાંઓની નિયમિતતાથી દૂર રહીને વિષયની દીર્ઘકાલીનતા (Longevity) જાળવી રાખી છે. ૨૦૨૦ અને ૨૦૨૨માં મળેલા પુરસ્કારો એ સાબિત કરે છે કે સાહિત્યના હાંસિયામાં રહેલો સર્જક જ્યારે ધૈર્યથી કામ કરે છે, ત્યારે તે મુખ્ય પ્રવાહમાં સન્માનનીય સ્થાન પામે જ છે. હાસ્ય લેખનનું કૃતિલક્ષી વિવેચન ઓછું થાય છે તેવી તેમની ટકોર સાહિત્યિક જગત માટે ચિંતનનો વિષય છે.

### ૨. નારી સંવેદના અને રસોડાનું અન-અધિકૃત શાસ્ત્ર :

સ્વાતિ મેઢના લેખનમાં રહેલો નારીવાદ કોઈ આક્રમક આંદોલન નથી, પણ તે નારીવાદ છે. મારી એક અપૂર્ણ મહત્ત્વાકાંક્ષા લેખમાં તેઓ શિક્ષણ અને રસોઈકળા વચ્ચેના સંઘર્ષને રજૂ કરે છે. અહીં Aim in Life જેવા ગંભીર શૈક્ષણિક વિષયને સામાજિક અપેક્ષાઓ સાથે સાંકળીને લેખિકાએ સ્ત્રીની બેવડી જવાબદારી પર માર્મિક કટાક્ષ કર્યો છે.

*''રસોડામાં ખીચડી મૂકીને અરેબિયન નાઈટ્સની વાર્તાઓમાં ખોવાઈ જવું એ માત્ર ભૂલ નથી, પણ એક સર્જક મનનું પોતાની સ્પેસ શોધવા માટેનું અજ્ઞાત આક્રમણ છે.''*

બળી ગયેલી ખીચડીને જ્વલિત ખીચડી તરીકે ઓળખાવવી એ નિષ્ફળતાને સર્જનાત્મકતામાં ફેરવવાની કળા છે. અંતે, ટેક્નોલોજી દ્વારા સ્ત્રીની મુક્તિનો સ્વીકાર એ બદલાતા સમયનો દસ્તાવેજ છે.

### ૩. સાંસ્કૃતિક તુલના અને રી-યુઝની ફિલસૂફી:

નાચતો ડોલતો કોફીમગ નિબંધમાં લેખિકાની નિરીક્ષણ શક્તિ ઊડીને આંખે વળગે છે. મેલબોર્નની ટ્રેનનો એ લાવારિસ મગ પશ્ચિમની યૂઝ એન્ડ થ્રો સંસ્કૃતિનું પ્રતીક છે, જ્યારે ભારતીય પ્રવાસીનું તેને ઠોકર મારીને ખૂણે ખસેડવું એ આપણી સહજવૃત્તિ અને ડબ્બા-દાવની સંસ્કૃતિને છતી કરે છે. અહીં પ્રવાસ માત્ર ભૌગોલિક નથી, પણ બે ભિન્ન જીવન પદ્ધતિઓ વચ્ચેની તુલનાત્મક સમીક્ષા છે.

**'યૂઝ એન્ડ થ્રો' સંસ્કૃતિનું પ્રતીક (મેલબોર્નનો દૃષ્ટિકોણ)** : પશ્ચિમી દેશોમાં, ખાસ કરીને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં, વસ્તુનો ઉપયોગ કરીને તેને ત્યજી દેવાની વૃત્તિ છે. ટ્રેનમાં પડેલો એ 'ખાલી કોફીમગ' એ દર્શાવે છે કે ત્યાંના લોકો માટે એ વસ્તુ હવે બિનજરૂરી છે. કોઈ તેને અડકતું નથી કે કોઈ તેને ઉપાડવાની તસ્દી લેતું નથી, કારણ કે તેમની **શિસ્ત** તેમને બીજાની

વસ્તુ કે કચરાને અડકતા રોકે છે. આ તેમની 'શિસ્તબદ્ધ પણ ઠંડી' જીવનશૈલીનો નિર્દેશ કરે છે.

**ડબ્બા-દાવ અને ભારતીય સહજવૃત્તિ (લેખિકાનો દૃષ્ટિકોણ)**

અહીં લેખિકા જ્યારે એ મગને 'ઠોકર મારીને ખૂણે ખસેડે છે', ત્યારે તે બે બાબતો સૂચવે છે

**ભારતીય જુગાડ/વૃત્તિ** આપણે ત્યાં રસ્તામાં પડેલા ડબ્બાને ઠોકર મારીને રમવાની (ડબ્બા-દાવ) એક બાળસહજ વૃત્તિ છે.

**દખલગીરીનો સ્વભાવ** પશ્ચિમના લોકો 'લાવારિસ' વસ્તુને જોઈને તેની ઉપેક્ષા કરે છે, જ્યારે ભારતીય માણસ ગમે ત્યાં હોય, તે પોતાની આસપાસની સ્થિતિમાં 'સુધારો' કરવા અથવા તેમાં 'પ્રતિક્રિયા' આપવા પ્રેરાય છે. મગને ખૂણે ખસેડવો એ એક રીતે રસ્તો સાફ કરવાની વૃત્તિ પણ છે અને ભારતીય રમતિયાળ સ્વભાવ પણ.

**૩. પ્રવાસ માત્ર ભૌગોલિક નથી, પણ સાંસ્કૃતિક છે**

આ વાક્યનો અર્થ એ છે કે લેખિકા માત્ર મેલબોર્ન શહેરના રસ્તા કે ટ્રેન જોવા નથી ગયા, પણ તેઓ એ ટ્રેનમાં બેસીને **બે દેશોના માણસોની માનસિકતા** માપી રહ્યા છે.

એક તરફ ઓસ્ટ્રેલિયન શિસ્ત છે (જેમાં કદાચ જડતા છે).

બીજી તરફ **ભારતીય જીવંતતા** છે (જેમાં કદાચ અશિસ્ત છે પણ સ્ફૂર્તિ છે).

**ટૂંકમાં કહીએ તો** લેખિકાએ એક સામાન્ય કોફીના મગના બહાને એ સાબિત કર્યું છે કે માણસ દુનિયાના ગમે તે ખૂણે જાય, તેનો 'મૂળ સ્વભાવ' કે 'સંસ્કાર' બદલાતા નથી. ઓસ્ટ્રેલિયાની ટ્રેનમાં પણ લેખિકાએ જે રીતે મગને ઠોકર મારી, તે સાબિત કરે છે કે તેમની અંદરનો 'ભારતીય' જીવંત છે. આ એક પ્રકારનું **તુલનાત્મક મનોવિજ્ઞાન** (Comparative Psychology) છે જે લેખિકાએ હાસ્યના માધ્યમથી રજૂ કર્યું છે.

**૪. રોજિંદી વિસંગતતાઓમાં હાસ્યનું દર્શનઃ**

લેખિકાએ બટાકા અને ગુલાબ ચમચી જેવા અલ્પ વિષયો પર જે રીતે કલમ ચલાવી છે, તે મધ્યમવર્ગીય માનસિકતાના ક્ષ-કિરણ (X-ray) સમાન છે.

**બટાકાસત્ર** ૭૦ રૂપિયાના ૫ કિલો બટાકા ખરીદવાની ગૃહિણીની કરકસર જ્યારે પતિ માટે અપચો બની જાય છે, ત્યારે તે દાંપત્ય જીવનની એક મીઠી વિડંબના બની રહે છે.

**ગુલાબ ચમચી** ખોવાયેલી ચમચીને શોધવાનું અભિયાન એ માત્ર વસ્તુની શોધ નથી, પણ ગૃહિણીના અસ્તિત્વ સાથે જોડાયેલી નાની-નાની વસ્તુઓના ભાવનાત્મક મૂલ્યની પ્રતીતિ છે. ડ્રામેટિક આઈરની (Dramatic Irony) નો પ્રયોગ અહીં ઉત્તમ રીતે થયો છે.

**૧. ભાવનાત્મક મૂલ્ય અને ગૃહિણીનું અસ્તિત્વ**

- પુરુષો (જેમ કે વાર્તામાં સુધીરભાઈ) માટે ચમચી એ માત્ર સ્ટીલનું એક સાધન છે, જે ખોવાઈ જાય તો બીજી બજારમાંથી લાવી શકાય. પણ ગૃહિણી (સુનયનાબેન) માટે તે માત્ર સાધન નથી. સ્ત્રી જ્યારે ઘર સંભાળે છે ત્યારે ઘરની દરેક નાની વસ્તુ સાથે તેનું **'Self' (પોતાપણું)** જોડાઈ જાય છે.

ચમચી ખોવાવી એ સુનયનાબેન માટે તેમની **વ્યવસ્થાશક્તિ** (Efficiency) પર લાગેલું પ્રશ્નાર્થ ચિહ્ન છે.

તેમને લાગે છે કે જો એક ચમચી પણ ન સચવાતી હોય, તો આખા ઘર પર તેમનું નિયંત્રણ નથી. આમ, એ ચમચીની શોધ

એ ખરેખર તો તેમના **ખોવાયેલા અસ્તિત્વ અને આત્મવિશ્વાસની શોધ** બની જાય છે.

૨. **ડ્રામેટિક આઈરની** (Dramatic Irony) સાહિત્યિક પરિભાષામાં ડ્રામેટિક આઈરની ત્યારે સર્જાય છે જ્યારે **વાચક કે પ્રેક્ષક સત્ય જાણતા હોય, પરંતુ વાર્તાનું પાત્ર એ સત્યથી અજાણ હોય.**

''ગુલાબ ચમચી'' વાર્તામાં આ પ્રયોગ કેવી રીતે થયો છે તે જુઓ

- **પરિસ્થિતિ** સુનયનાબેન આખા ઘરમાં ચમચી શોધે છે, કામવાળી પર શંકા કરે છે, ઉચાટમાં આખું ઘર માથે લે છે.
- **આઈરની** વાચક તરીકે આપણને (અને લેખકને) ખબર છે કે ચમચી ક્યાંય ખોવાઈ જ નથી, તે ઘરમાં જ છે (ચાના ડબ્બામાં છે).
- **પરિણામ :** પાત્ર (સુનયનાબેન) જ્યારે બહુ ગંભીરતાથી અને અત્યંત ભાવનાત્મક થઈને ચમચી શોધે છે, ત્યારે વાચક તેનાથી ઊલટું સત્ય જાણતો હોવાને કારણે મનોમન હસે છે. પાત્રની અજ્ઞાનતા અને વાચકનું જ્ઞાન - આ બંને વચ્ચેનો તફાવત એટલે જ **નાટ્યાત્મક વક્રોક્તિ.**
- **ટૂંકમાં** લેખિકાએ સુનયનાબેનને એક ગંભીર મિશન પર બતાવ્યા છે, પણ વાચક માટે એ મિશન હાસ્યાસ્પદ છે કારણ કે વાચક જાણે છે કે વસ્તુ ક્યાં છે. આ જ વિરોધાભાસ હાસ્ય નિષ્પન્ન કરે છે.

૫. **ટેક્નોલોજી અને માનવ-સ્વભાવ એક વ્યંગાત્મક આલેખન** : 'મોબાઈલ મુસાફરી અને પંખાઓએ કીધી કમાલ' આધુનિકતાના દંભ પર પ્રહાર કરે છે. સોશિયલ મીડિયા માટે ફોટા પડાવવા બેનર ઊંચું બાંધવું એ આજના પ્રદર્શનપ્રિય (Exhibitionist) સમાજનું વરવું સત્ય છે. જ્યારે મહીં તો બધાં ભેગાં ને ભળેલાં લેખમાં મેજિકલ રિયાલિઝમ (Magical Realism) નો પ્રયોગ કરી પશુઓને હડતાળ પર ઉતારવા અને તેમને ટીવી-એસીની માંગણી કરતા દર્શાવવા એ માનવીય જરૂરિયાતોના અતિક્રમણનો સંકેત છે.

'પંખાઓએ કીધી કમાલ' માં લેખિકાએ એક બહુ સૂક્ષ્મ પણ તીક્ષ્ણ કટાક્ષ કર્યો છે.

**બેનરની ઊંચાઈ** સામાન્ય રીતે બેનર એવી રીતે બાંધવાનું હોય કે લોકો તેને વાંચી શકે. પરંતુ અહીં બેનર એટલા માટે ઊંચું બાંધવામાં આવે છે જેથી જ્યારે ગ્રુપ ફોટો પડાવવામાં આવે, ત્યારે તે **સોશિયલ મીડિયા** (Facebook/ Instagram) પર બરાબર દેખાય.

**તાત્પર્ય** : સેવાનું કાર્ય ગૌણ બની જાય છે અને તેનું માર્કેટિંગ મુખ્ય બની જાય છે. માણસ જે છે તેના કરતા જે દેખાય છે તેમાં વધુ રસ લેતો થયો છે. આજના સમાજની આ જે મનોવૃત્તિ છે, તેને મનોવિજ્ઞાનમાં Exhibitionism (પોતાના કાર્યોનું પ્રદર્શન કરવાની ઘેલછા) કહેવાય છે. લેખિકાએ આ દંભને એક સામાન્ય બેનર અને પંખાના માધ્યમથી ઉઘાડો પાડ્યો છે.

**મેજિકલ રિયાલિઝમ (Magical Realism) નો પ્રયોગ :** આ એક લેટિન અમેરિકન સાહિત્યિક સંજ્ઞા છે, જેને ગુજરાતીમાં આપણે **જાદુઈ વાસ્તવવાદ** કહીએ છીએ.

**શૈલી** : આ શૈલીમાં વાસ્તવિક દુનિયાની વચ્ચે કંઈક અતાર્કિક કે અવાસ્તવિક (જેમ કે પ્રાણીઓનું બોલવું કે હડતાળ પાડવી) એવી રીતે રજૂ કરવામાં આવે છે કે જાણે તે સાવ સામાન્ય ઘટના હોય.

**લેખમાં પ્રયોગ** : પશુઓ દૂધ આપવાનું બંધ કરે તે વાસ્તવિક હોઈ શકે, પણ તેઓ ટીવી જોઈને હડતાળ પાડે અને એસી માંગે તે અવાસ્તવિક (Magical) છે.

**હેતુ** :

લેખિકા પશુઓને પાત્ર બનાવીને હકીકતમાં માણસ પર કટાક્ષ કરે છે. માણસની ભૌતિક સુખ-સુવિધાઓની ભૂખ એટલી હદે વધી ગઈ છે કે હવે તે પશુઓ સુધી પહોંચી ગઈ હોય તેમ લાગે છે. આને **માનવીય જરૂરિયાતોનું અતિક્રમણ** એટલા માટે કહ્યું છે કારણ કે જે સુખ-સુવિધાઓ (એસી, ટીવી) માણસ માટે પણ લક્ઝરી હતી, તે હવે પાયાની જરૂરિયાત બનીને પ્રકૃતિના અન્ય તત્ત્વો (પશુઓ) પર પણ લાદવામાં આવી રહી છે.

**મોબાઈલ મુસાફરી અને સંવેદનાનું હ્રાસ :**

આ લેખમાં મોબાઈલ ફોન એ માત્ર સાધન નથી, પણ એક એવી દીવાલ છે જે માણસને તેની આસપાસના જીવંત વાસ્તવથી દૂર કરે છે. બસમાં મુસાફરી કરતી વખતે લોકો પોતાની ખાનગી વાતો મોટેથી ફોન પર કરે છે, જે સામાજિક વિવેકનો અભાવ દર્શાવે છે. અહીં મોબાઈલ એ આધુનિકતાનું એવું ઘાતક સાધન છે જે માણસને **સ્વ-કેન્દ્રી** (Self-centered) બનાવી રહ્યું છે.

**૬. ભાષાકીય અને પ્રાદેશિક વૈવિધ્ય :**

'નડિયાદી મિક્સ' શીર્ષક પોતે જ વતનપ્રેમનું વાહક છે. મુંબઈના સ્ટોરમાં અંગ્રેજીના ખોટા સ્પેલિંગ સાથેનું પેકેટ જોઈને ભાષાશિક્ષક તરીકે થતો અણગમો અને વતનના સ્વાદ સામેનો શરણાગત ભાવ એ નો, નો, યસ, યસ ના રૂપક દ્વારા સુંદર રીતે વ્યક્ત થયો છે. વળી, ગ ગળપણનો ગ માં છત્તીસગઢની અતિશય મીઠી ચાના માધ્યમથી પ્રાદેશિક રુચિ-વૈવિધ્યને હળવાશથી રજૂ કર્યું છે.

**૭. તાત્ત્વિક વળાંક સવાલો, સવાલો, સવાલો?**

આ સંગ્રહની સૌથી સશક્ત રચના એટલે વરુ અને ઘેટાંની પરંપરાગત કથાનું આધુનિક રૂપાંતરણ. અહીં ઘેટું નિર્દોષ નથી, તે તર્ક કરે છે, સંગઠિત થાય છે અને કાયદાના શાસનની માંગણી કરે છે. આ વાર્તા હાસ્યમાંથી ગંભીર ચિંતન તરફ ગતિ કરે છે. અંતમાં દાદા પાસે જ્યારે બાળકોના તાર્કિક સવાલોના જવાબ નથી હોતા, ત્યારે તે વર્તમાન ન્યાયતંત્ર અને લોકશાહીના માળખા સામે એક મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. દાદા એ જૂની પેઢી અથવા સ્થાપિત પરંપરાઓનું પ્રતીક છે. જ્યારે નવી પેઢી (બાળકો) તાર્કિક સવાલો પૂછે છે ત્યારે દાદા પાસે જવાબ નથી. આ દર્શાવે છે કે જૂની વાર્તાઓ કે આશ્વાસનો હવે આજના જટિલ સમયમાં પૂરતા નથી.

**નિષ્કર્ષ** :

સ્વાતિ મેઢનું સર્જન કળાને ખાતર કળા નહીં પણ જીવનને ખાતર કળા ના સૂત્રને ચરિતાર્થ કરે છે. 'નડિયાદી મિક્સ'માં એવી હાસ્ય-વ્યંગ ગદ્યકૃતિઓનું મિશ્રણ છે જે વાચકને ભાવવિભોર પણ કરે છે અને બૌદ્ધિક સંતોષ પણ આપે છે. એક ભાવક તરીકે જ્યારે આપણે આ કૃતિને તપાસીએ, ત્યારે સમજાય છે કે સાચું સાહિત્ય તે જ છે જે સામાન્યમાં સામાન્ય ઘટનાને સાધારણીકરણ (Universalization) ની પ્રક્રિયા દ્વારા લોકભોગ્ય અને ચિંતનશીલ બનાવે. સ્વાતિ મેઢના આ ૫૩ વર્ષના પ્રવાસનું ભાથું ગુજરાતી હાસ્ય સાહિત્યની એક અમૂલ્ય વિરાસત છે.

સંદર્ભ 'નડિયાદી મિક્સ' (હાસ્ય - વ્યંગ ગદ્યકૃતિઓ), સર્જક સ્વાતિ મેઢ, અમોલ પ્રકાશન, પરિમલ ગાર્ડન પાસે, પરિમલ ચાર રસ્તા, પાલડી-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૨૪. કિંમત રૂ ૧૭૫.

---

Assistant Professor
Nalini-Arvind T.V.Patel Arts College,
Vallabh Vidyanagar,
Dist Anand - 388120 (M) 8980275149
Email:jivrajdesai1710gmail.com

|| સમીક્ષા ||

# આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં નારીચેતનાના પ્રભાવાત્મક પરિબળ તરીકે 'સીતા'

**દેવાંગકુમાર બી. જોષી**

उद्भव स्थितिसंहारकारिणीं क्लेशहारिणीम् ।
सर्वश्रेयस्करीं सीतां नतोऽहं रामवल्लभाम् ।।

श्रीरामचरितमानस बालकाण्ड
मंगलाचरण, श्लोक ५

વૈદિક કાળથી આજપર્યંત નારીની સ્થિતિ અને દરજ્જામાં પરિવર્તન થતાં રહ્યાં છે. વૈદિક કાળમાં સ્ત્રીઓનું સ્થાન મોભાનું હતું. જેમકે ધાર્મિક અનુષ્ઠાન, યજ્ઞ-યાગાદિ કાર્યો હોય, સામાજિક કાર્યો કે વાર-તહેવાર ભાગ લેવાની વાત હોય, જેમાં સ્ત્રીઓના સહકાર વિના દરેક કાર્ય અધૂરા ગણાતા. તે સમયે લોપામુદ્રા, સરમા, ઘોષા, અપાલા, ગાર્ગી જેવી વિદુષિઓ (વિદ્વાન સ્ત્રીઓ) શાસ્ત્રાર્થ પણ કરતી. તે સમયે સ્ત્રીઓની સ્થિતિ સન્માનજનક હતી અને પ્રતિભા અને યોગ્યતાની બાબતમાં સ્વાભાવિકપણે આ વિદુષિઓ પુરુષ કરતાં ઊતરતી ન હતી. રામાયણ, મહાભારતકાળમાં પણ સ્ત્રીઓનું સ્થાન ગૌરવપૂર્ણ હતું પણ એ કાળમાં પુરુષોની માનસિકતા બદલાઈ ગઈ હતી. ધીમે-ધીમે પુરુષોનું આધિપત્ય પ્રસ્થાપિત થતું ગયું. છતાં તે સમયે સ્ત્રીઓનું સ્થાન પરિવારના કેન્દ્રમાં હતું. ઉચ્ચ પરિવારની સ્ત્રીઓ પ્રત્યે સામાજિક વ્યવહાર આદરભર્યો હતો. ધીમે ધીમે મધ્યકાળમાં સ્ત્રીનું સ્થાન નીચું થતું ગયું. સતીપ્રથા, બાળલગ્ન, વિધવાવિવાહ પુનર્લગ્ન પર પ્રતિબંધ, શિક્ષા પર પ્રતિબંધ, પડદાપ્રથા જેવા કાયદાઓ હેઠળ તેનું જીવન નર્ક સમાન બની ગયું હતું. પણ ફરી સમય પલટાતા અર્વાચીનકાળમાં ભારતીય સમાજની સ્ત્રીઓના દરજ્જા પર વિશિષ્ટ પ્રકારની અસર જોવા મળી છે. કેટલાક સમાજસુધારકોના પ્રયત્નોથી સ્ત્રીઓની સ્થિતિમાં ફરી સુધારો જોવા મળ્યો. સ્ત્રીઓ શિક્ષણના પંથે આગળ વધી રહી છે, પોતાના સ્વપ્નો પૂર્ણ કરવા તરફ દોડી રહી છે. છતાં આર્થિક, સામાજિક, કે માનસિક રીતે થતું શોષણ હજી બંધ નથી થયું.

વાલ્મીકિ રામાયણમાં તેમણે સીતાના પક્ષે રહીને સત્યનો સાથ આપ્યો છે, રાવણ દ્વારા અપહરણ થયા બાદ પતિસુખને ઇચ્છતી સીતાએ રામના કઠોર શબ્દોનો માર સહન કરીને પણ અગ્નિ પરીક્ષારૂપી અપમાનને ગળી જઈ પોતાના સ્વાભિમાનનો પરિચય કરાવ્યો છે. આટલું ઓછું હોય તેમ રામે ફરીથી વનવાસ ભેટમાં આપ્યો અને અંતે ફરી પત્ની તરીકે સ્વીકાર કરતાં પહેલા સીતા માટે જનસમુદાય વચ્ચે તેની શુધ્ધતા પ્રમાણિત કરવા શપથગ્રહણ માટે સભા ગોઠવી અને સભામાં પોતે શુધ્ધ પ્રમાણિત થશે તો જ રામને તેનામાં પ્રીતિ થઈ શકશે એમ વાલ્મીકિએ કહ્યું. [1](शुद्धायां जगतो मघ्ये मैथिल्यां प्रितिरस्तु मे ।) એ તો ફરી સીતાજીનું અપમાન થયું ગણાય.આર્ષદ્દષ્ટા વાલ્મીકિએ સીતાના મૌનને જાણે આત્મસન્માન, સ્વ-અસ્મિતા, સ્વગૌરવને વાચા આપી છે. ભવભૂતિના 'ઉત્તરરામચરિત'ની સીતા પણ માનસિક રીતે આહર્ત અને ઘવાયેલ નારી પાત્ર છે. જેનો પરિચય આપણને તેના ત્રીજા અને સાતમા અંકમાં થાય છે.

સાંપ્રતકાળની સ્ત્રીઓ આત્મોત્થાન માટે પોતાની એક અલગ ઓળખ સાબિત કરવા માટે પારિવારિક સંઘર્ષ વેઠીને અને અથાક પરિશ્રમ દ્વારા આકાશને આંબી જતાં પોતાના લક્ષ્ય તરફ આગળ વધી રહી છે. આર્થિક રીતે આત્મનિર્ભર બની રહી છે છતાં હજીયે ક્યાંક ને ક્યાંક સામાજિક સ્વતંત્રતાથી વંચિત રહી ગઈ છે. આજે પણ સમાજના ઠેકેદારો દ્વારા રૂઢિ અને અનુશાસનના નામે સ્ત્રીઓનું શોષણ થતું રહ્યું છે. હજીયે રૂઢિવાદી સમાજ દ્વારા સ્ત્રીઓને અન્યાય થઈ રહ્યો છે. આજે દુનિયામાં દરેક નારીની સ્થિતિ એક જેવી નથી. ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન-વર્ગની નારીઓ અલગ અલગ રીતે શોષિત છે, તેમ છતાં સ્ત્રીઓમાં પોતાની અસ્મિતા અને અસ્તિત્વ માટે જાગૃતતા આવી છે.

લગ્ન પછી પિતાના વચનને પાળવા માટે રામ ચૌદ વર્ષનો વનવાસ સ્વીકારે છે, ત્યારે સીતા પતિની અનુગામિની બની મજબૂત દલીલો સાથે પતિનો પડછાયો બની વનના કષ્ટો ભોગવવા તૈયાર થઈ જાય છે. પત્નીધર્મ પ્રત્યેની સજાગતા સીતાની દઢતાપૂર્વકની દલીલોમાં જણાઈ આવે છે.[2]

આધુનિક સમયમાં પણ સીતાના પતિવ્રતના આ ગુણને અનુસરનારી ઘણી બધી ભારતીય નારીઓ પતિની દુનિયામાં પોતાની સમગ્ર જાતને સમાવી દે છે. લગ્ન પછી આજે પણ આદર્શ અને સંસ્કારી ભારતીય નારી સાસરામાં પતિના પક્ષે આવનારી તમામ જવાબદારીઓ, મુસીબતો, સમસ્યાઓમાં પોતે પણ એટલી જ ભાગીદારી નોંધાવે છે. પોતે તકલીફ વેઠીને પણ સાસરિયાઓને અને પતિને ખુશ રાખવાના પ્રયત્નો આજે પણ ભારતીય નારી કરી રહી છે. પતિના વિકટ સમયમાં પોતાની જણસ મૂડી વેચીને સુખ-દુઃખમાં સાથે રહેવાની તત્પરતા બતાવે છે. આવી માનસિક સભાનતા આજના પ્રતિષ્ઠિત વર્ગની નારીમાં પણ જોવા મળે છે. આજે પણ દુઃખદ સમય આવે ત્યારે કે નોકરી-વ્યવસાયમાં પડતી આવે ત્યારે આવી નારીઓ સમગ્ર પરિવારને હૈયાધારણ આપી કર્મશીલ બને છે. ઓછા ખર્ચે ઘર ચલાવી અને આનંદમાં રહી દામ્પત્યજીવન માણે છે.

બળજબરીથી અપહરણ કર્યા બાદ રાવણ સીતાને લંકાની અશોકવાટિકામાં રાક્ષસીઓની વચ્ચે રાખે છે. રોજ રોજ રાવણની પત્ની બનવા માટે સીતા પર રાક્ષસીઓ ત્રાસ વર્તાવે છે, રાવણ પણ જાતજાતનાં પ્રલોભનોથી સીતામાતાને આકર્ષવાનો પ્રયત્ન કરે છે પણ સીતા ઉપર રાક્ષસીઓના ત્રાસની કે રાવણના પ્રલોભનોની કોઈ અસર થતી નથી. ઊલટું, સીતા પોતાના ક્રાંતિકારી વિચારોથી રાવણ જેવા શક્તિશાળી સમૃદ્ધ અને માયાવી રાક્ષસને પોતાના વિચારોથી હરાવી દે છે. તેના બળ અને પૌરુષને તેની સામે જ ધિક્કારે છે.[3]

તે સમયે સીતાએ રાવણને પોતાના ઓજસ્વી અને ક્રાંતિકારી વિચારો[4] દ્વારા મૃત્યુના દર્શન કરાવ્યા હતા. આજે પણ સીતાની આ આંતરશક્તિ, આંતરિક તેજ, દઢ અને મક્કમ મનોબળનો પ્રભાવ આધુનિક નારીમાં જોઈ શકાય છે. કારણ કે, આજે પણ અંતરિયાળ વિસ્તારમાં રહેતી છોકરીઓ તેમજ સ્ત્રીઓના અપહરણ થાય છે. બળાત્કાર થાય છે, અપહરણ કરીને બહારના દેશમાં વેચી દેવાય છે. લવ-જેહાદ આનું જ એક ઉદાહરણ છે.

આધુનિક આદર્શવાદી ભારતીય સમાજની નારીઓમાં સીતાના જેવી સહિષ્ણુતા, સાહસિકતા, ધૈર્ય, આત્મસંઘર્ષ, સ્વ સાથેની લડત, પતિ પ્રત્યે અતૂટ શ્રધ્ધા, દઢ વિશ્વાસ અને આશા કેટલેક અંશે જોઈ શકીએ છીએ. આજે પણ ઘણીબધી સ્ત્રીઓ-છોકરીઓ જેના પર બળાત્કાર થયો હોય, અપહરણ થયું હોય તેઓ પણ આસુરીવૃત્તિના માણસો દ્વારા અપહરણ કે બળાત્કાર પછી માનસિક ત્રાસને સહન કરીને પણ અદાલત સુધી જાય છે. પોતાને થયેલા અન્યાય વિરુધ્ધ અવાજ ઉઠાવે છે. ઘરે આવ્યા પછી પણ આવી મહિલાઓને સમાજ જીવવા નથી દેતો, કુટુંબીજનો મહેણાં મારી મારીને ત્રાસ આપે છતાં આવા સંજોગોમાં પણ પોતાના જીવનને ટકાવી રાખતી અને જાત સાથે લડતી મહિલાઓએ સ્વમાનભેર પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. આ જ ભારતીય નારી સમાજની ચેતના છે.

રામ દ્વારા ચારિત્ર્ય પર શંકા થતા સીતાએ પોતાની પવિત્રતા સાબિત કરવા સ્વેચ્છાએ અગ્નિપરીક્ષા આપી પણ આ અગ્નિપરીક્ષામાંથી પાર ઉતર્યા બાદ શું સીતાને ખુશી થઈ હશે? પ્રિયતમ આગળ પોતાના ચારિત્રનું પ્રમાણપત્ર અગ્નિદેવતાએ આપવું પડ્યું તેમાં સીતાએ શું સન્માનની લાવણી અનુભવી હશે? પોતાના અપહરણના કારણે ફેલાયેલા અપવાદના નિવારણ માટે અને સુવિખ્યાત કુળ પર લાગેલા કલંકને દૂર કરવા માટે પોતાના પતિ સામે રામે રાવણ પર વિજય મેળવ્યો એવું સાંભળીને સીતા એ કેવી વેદના અનુભવી હશે? વળી પાછું પતિ દ્વારા તેમના મિત્ર સુગ્રીવ, શરણાગત વિભીષણ, ભાઈઓ ભરત અને લક્ષ્મણના નામો ગણાવીને જ્યાં મરજી પડે અને

આનંદ મળે તેની પાસે ચાલ્યા જવાનું કહી[5] પોતાની પત્નીનો ત્યાગ કરવામાં આવે ત્યારે સીતાના હૃદય પર કેવો આઘાત લાગ્યો હશે? સીતાને માટે સ્વાભિમાનની વાત હતી અને આ જ સ્વાભિમાન માટે આત્મસન્માન માટે તેણે આપેલી અગ્નિપરીક્ષા એ એવા દરેક પુરુષ-પ્રધાન સમાજ માટે વળતો જવાબ છે જે શુધ્ધ ચરિત્રવાળી પતિવ્રતા અને અબળા નારીઓને માત્ર શંકાના આધારે સમાજ અને ઘરમાંથી કાઢી મૂકવામાં આવે છે, બહિષ્કાર કરવામાં આવે છે, મારવામાં આવે છે, અત્યાચાર અને શોષણ કરવામાં આવે છે.

સીતા એ વાલ્મીકિ રામાયણનું માનવરૂપધારી દિવ્ય ચરિત્ર છે. એણે જે અગ્નિપરીક્ષા આપી તેને આજના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આજની નારી ભલે અગ્નિપરીક્ષા ન આપી શકે પરંતુ આત્મહત્યાનું પગલું ન ભરતાં પોતાને થયેલા અત્યાચાર કે અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવી શકે છે, અદાલતમાં જઈ શકે છે. ગામની સ્ત્રીઓ પંચાયત બેસાડી શકે છે અને આજના ટેકનોલોજીના યુગમાં સોશિયલ મીડિયા દ્વારા પોતાને થતા અત્યાચાર કે અન્યાયનાં વિડીયો બનાવી દેશભરમાં જનજન સુધી વાઇરલ કરી શકે છે. અને આજે આપણે જોઈ શકીએ છીએ કે આવી સ્ત્રીઓના પક્ષમાં આખો દેશ લડત આપવા તૈયાર થઈ જાય છે. એક સ્વાભિમાની નારીની આ લડત એ જ સીતાએ તે સમયે આપેલી અગ્નિપરીકક્ષાનું પરિવર્તિત સ્વરૂપ છે.

દુ:ખ કાળ બનીને પડછાયારૂપે સીતાની પાછળ પાછળ ફરતું હોય એમ લોકાપવાદરૂપે અયોધ્યામાં પણ પાછળ આવ્યું, સીતા પ્રત્યેની નિયતિની નિષ્ઠુરતા તો જુઓ કે બબ્બે જોડિયા ગર્ભના ભારવાળીને માત્ર લોકનિન્દાને કારણે પ્રતિષ્ઠા કે પ્રાપ્ત ખ્યાતિ પર કલંક ન લાગે અને અપયશથી બચવા માટે રાજધર્મ નિભાવવા પતિધર્મ ભૂલી રામે નિર્વાસન આપ્યું. અને તે પણ વડીલો ગુરુજનો પત્ની સીતા સાથે ચર્ચા કર્યા વગર પોતાનો નિર્ણય સંભળાવી દીધો.[6] આમ પણ જ્યાં પુરુષની સત્તા હોય ત્યાં સ્ત્રી ગમે એટલું રાજસુખ ભોગવતી હોય તોયે એની પોતાની ઇચ્છા, સંવેદના લાગણીને સમજ્યા વિના તેના પર નિર્ણયો થોપી દેવામાં આવે છે. સીતા સાથે પણ આ જ બને છે, અને આજના આધુનિક સમયની પણ આ નરવી વાસ્તવિકતા છે કે સ્ત્રીએ માત્ર પુરુષે લીધેલા નિર્ણયો અમલ કરવાના છે, એ નિર્ણય પર પ્રશ્નો ઉઠાવવાના નથી.

આજે ભલે સમય બદલાયો છે, બદલાતા સમયની સાથે સ્ત્રીની સમસ્યાઓ અને પ્રશ્નોનું સ્વરૂપ પણ બદલાયું છે. સ્ત્રીએ દરેક ક્ષેત્રમાં, સમાજમાં, કુટુંબમાં મહત્ત્વનું સ્થાન પણ મળ્યું છે પરંતુ એનો અર્થ એવો નથી કે હવે નારીના મનમાં કોઈ સવાલો રહ્યા જ નથી. વાસ્તવિકતા તો એ છે કે આજે પણ સ્ત્રી બધી રીતે ગમે એટલી સુખી હોય તો પણ એણે ઘણું જતું કરવું પડે છે, મનના આવેગને રોકવા પડે છે અહીં તો સીતાને ખબર પણ નથી કે રામે તેનો ગર્ભદોહદપૂર્તિનાં બહાને કાયમ માટે ત્યાગ કર્યો છે. એને તો લોકાપવાદની ખબર પણ નથી. કેવી કરુણતા ! અપરાધ વગર સજા ભોગવવાની રામના પરિત્યાગના નિર્ણયને સીતાએ અનુસરવો જ રહ્યો. સ્ત્રી પુરુષના હાથની માત્ર કઠપૂતળી બનીને રહી ગઈ છે. પુરુષપ્રધાન સમાજે લીધેલા નિર્ણયને નારીસમાજે સ્વીકારી જ લેવો એ તો યુગોથી પરંપરા બની ગઈ છે.

આજના વિકસિત અને પરિવર્તિત યુગમાં પણ મુક્ત સ્વભાવ અને સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવનારી નારી પ્રત્યે શંકા અને વહેમની દૃષ્ટિ રાખનાર પુરુષો કે વ્યક્તિઓની કમી નથી. આજે પણ સભ્ય,સંસ્કાર કે ખ્યાતિ પ્રાપ્ત કુટુંબની છોકરી કે વહુ કોઈ અજાણ્યા પુરુષ સાથે હસીને બે ઘડી વાત કરી લેશે કે જાણીતા મિત્રો સાથે બે ચાર દિવસ બહાર ફરવા જશે તો તરત આવી સ્ત્રીઓ કહેવાતા આદર્શવાદી સમાજ માટે શંકા અને નિંદાનું પાત્ર બને છે. શિક્ષિત સમાજ હોય કે અશિક્ષિત, સંકુચિત માનસ ધરાવતા પુરુષપ્રધાન સમાજ દ્વારા લેવાતા નિર્ણયો આગળ આજે પણ નિંદાને પાત્ર બનેલા સંપૂર્ણ નારીવર્ગ લાચાર છે. પણ હિંમત હાર્યા વગર વિદ્રોહ કરનારો નારીવર્ગ પણ પોતાના અધિકાર પ્રત્યે જાગૃત બન્યો છે. જે પોતાને થયેલા દુર્વ્યવહાર કે શોષણ સામે બંડ પોકારી શકે છે.

આંદોલન કરી લડત ચલાવે છે પોલીસ સ્ટેશન કે અદાલતમાં પોતાની ફરિયાદ નોંધાવી કેસ દાખલ કરી શકે છે. તે સમયે સીતાએ તેના આદર્શ સ્વભાવને અનુરૂપ એકપણ અપશબ્દ ઉચ્ચાર્યા વગર નમ્રતા અને વિવેકથી રામે પોતાના માટે લીધેલા નિર્ણયનો વિરોધ તો નોંધાવ્યા જ છે, જેનો પ્રભાવ આધુનિક નારીની વિદ્રોહી સ્વભાવમાં જોઈ શકાય છે.

પતિ સાથેનો ચૌદ વર્ષનો વનવાસ પછી અપહરણ ત્યાં પરદેશમાં ભોગવેલી યાતના, પીડા, મહિનાઓ બાદ પતિને મળવાનું સુખ પ્રાપ્ત થયું ત્યાં એ જ પતિ દ્વારા શંકા થતાં અગ્નિપરીક્ષા આપી અને હવે વિના કારણ માત્ર લોકનિન્દાને કારણે આજીવન પતિથી વિખૂટા રહી પરિત્યક્તાની લજ્જા સાથે વનવાસ વેઠવાનો આવ્યો. આવા પોતાના જીવનમાં આવનારા એક પછી એક દુઃખો અને અવદશાનું કારણ પૂર્વજન્મના કર્મફળને માનનારી સીતાને જેમ આજે પણ આવી ઘણી દુઃખીઆરી સ્ત્રીઓ પોતાના ભાગ્યને અને પૂર્વજન્મના પાપકર્મોને દોષ દે છે. આજે પણ પૂર્વજન્મના સંચિત કર્મોના ફળને ભોગવવા પડે છે એવી માનસિકતા નારીસમાજમાં જોવા મળે જ છે.

ગર્ભાવસ્થામાં વનવાસ મળ્યો એનો કારમો આઘાત સહન કરીને પણ પતિના વંશને જીવિત રાખવા માટે આત્મહત્યાનો વિચાર પણ માંડી વાળે છે અને એકલ માતૃત્વ સ્વીકારી આત્મનિર્ભર અને સ્વાવલંબી બની પિતાતુલ્ય વાલ્મીકિના આશ્રમમાં જીવન વિતાવે છે. બાળકોમાં પણ આત્મનિર્ભરતા અને સ્વાવલંબી જીવન જીવવાના આદર્શ સંસ્કારોનું ઘડતર અને સિંચન કરે છે. વાલ્મીકિ જેવા મહાન બ્રહ્મર્ષિ, જ્ઞાની અને તપસ્વી ગુરુના સાંનિધ્યમાં ક્ષત્રિયોચિત સંસ્કાર અપાવડાવે છે. વેદવિદ્યામાં તેમજ સંગીતવિદ્યામાં પણ પારંગતતા પ્રાપ્ત કરાવડાવે છે. એકલે હાથે બંને બાળકોનો ઉછેર કરે છે. નિર્વાસન આપ્યા પછી રામે ક્યારેય પોતાની ગર્ભવતી પત્નીનો વિચાર નથી કર્યો કે નથી કોઈ સુવિધા પ્રાપ્ત કરાવી અને સ્વાભિમાની સીતાએ પણ રામ પાસે ન તો કોઈ સંદેશો મોકલાવ્યો કે કોઈ યાચના કરી કે ન તો પિતાને ઘરે ગઈ.

આજે પણ સીતા એ તમામ નારીઓ માટે પ્રેરણાસ્રોત છે કે જેને કોઈ ને કોઈ બહાના હેઠળ સાસરિયામાંથી કે પોતાના ઘરમાંથી પણ કાઢી મૂકવામાં આવે છે. આજે પણ ઘણા એવા કુટુંબો છે કે જ્યાં પતિને કોઈ પરસ્ત્રી સાથે આડાસંબંધ હશે તો પત્નીને છૂટાછેડા આપીને ત્યજી દેવામાં આવે છે અથવા તો પહેલી પત્ની કદાચ કુળને પુત્ર ન આપી શકે એમ હોય અથવા વાંઝણી હોય તો પોતાના વંશને આગળ વધારવા બીજા લગ્ન કરવા માટે પહેલી પત્નીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવે છે. ઘણી વખત દહેજપ્રથાને કારણે, અથવા તો અપશુકનિયાળ છે એમ માની અંધશ્રદ્ધાને કારણે, આજે પણ ભારતનો ઓછો શિક્ષિત અથવા અશિક્ષિત પુરુષ વર્ચસ્વવાદી સમાજ સ્ત્રીઓના જીવનનો અધિકાર પણ છીનવી લે છે. આવી સ્ત્રીઓની પાસે તેઓ માને છે ત્યાં સુધી આત્મહત્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી રહેતો. હા, પણ કેટલીક સ્ત્રીઓ માતા-પિતાને ત્યાં જાય છે પણ દબાણભર્યું જીવન વિતાવે છે, કેટલીક વેશ્યાવૃત્તિનો સ્વીકાર કરે છે, કેટલીક બહુ જ ઓછી માત્રામાં પતિ અથવા સાસરિયા વિરુદ્ધ અદાલતનો દરવાજો ખખડાવે છે. પણ હવે ૨૦-૨૧મી સદીની સ્ત્રીઓ એટલી મજબૂત અને મક્કમ મનોબળવાળી બની ગઈ છે કે તેઓએ પણ સીતાની જેમ બાળકો સાથે એકલા રહેતા શીખી લીધું છે, શિક્ષણ મેળવી પોતાના પગ પર ઊભા રહેતાં આવડી ગયું છે. સરકાર દ્વારા નારીના હિત અને કલ્યાણ માટે બહાર પાડવામાં આવેલી વિવિધ યોજનાઓનો લાભ મેળવી આજની નારી પોતાના બાળકોને સારું શિક્ષણ અપાવી આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવી રહી છે. નારીની આ સ્વ-પ્રત્યેની સભાનતા એ જ નારીચેતના છે.

પરિત્યાગ પછી સીતાને રામે કે તેના કુટુંબીજનો એ એકપણ વાર પાછું ફરીને જોયું નથી અને પછી અચાનક અશ્વમેધ યજ્ઞ વખતે રામાયણગાન માટે આવેલા મુનિકુમારો પોતાના પુત્રો છે એ ખબર પડતાં જ પુત્રમોહને કારણે સીતાને પાછી અપનાવવા માટે ભવ્ય શપથ-ગ્રહણ સમારોહ ગોઠવ્યો અને શપથ


ISSN 0976-9609

પણ શેના ? પોતાની પત્નીની ચારિત્ર્ય શુદ્ધિની સાબિતીના ! અરે ! એક વખત તો લંકામાં સમાજના ભયને કારણે અગ્નિપરીક્ષા આપી અને વળી આ સમાજ કેવો ? જેના બે મોઢા ! એક બાજુ સીતાને લક્ષ્મી સ્વરૂપા, શક્તિસ્વરૂપા કહી સંબોધે છે, પૂજા કરે છે અને બીજી બાજુ એના જ ચરિત્ર પર શંકા ઉઠાવી ચરિત્રહીન સાબિત કરે છે. વાહ રે કુદરત! સ્ત્રીજીવનની કેવી બલિહારી!

સીતાના સમગ્ર જીવનનું અવલોકન કરતાં એક વાત સ્પષ્ટ છે કે આપણી ભારતીય સમાજવ્યવસ્થા જ એવી છે કે જેની ડોર પુરુષના હાથમાં છે. સત્તા અને આધિપત્ય પુરુષના હાથમાં છે. નિયમો ઘડનાર પુરુષ, અન્યાય અને અપમાન કરનાર પુરુષ, નિર્ણયો લેનાર પુરુષ, સજા આપનાર પુરુષ અને અંતે ન્યાય કરનાર પણ પુરુષ. અહીં સ્ત્રીના વ્યક્તિત્વનું તો કોઈ મૂલ્ય જ નથી. સમાજમાં પોતાનું માથું ઊંચું રાખવા માટે પુરુષો હંમેશા સ્ત્રીઓની કિંમત ઓછી આકે છે. સ્ત્રીને શરમજનક દશા ભોગવવી પડે છે. આવી જ શરમજનક પરિસ્થિતિમાં મૂકાયેલી સીતા રામના નિર્ણયને અનુસરવા વાલ્મીકિની પાછળ પાછળ નતમસ્તકે આવે તો છે, પણ બીજી વખત જેનું સ્વાભિમાન ઘવાયું છે તેવી આ સીતાના મનમાં કેટલાય પ્રશ્નો, વિચારોનું વાવાઝોડું ચાલતું હશે, પળે પળે પોતાની જાત સાથે લડતી, આત્મસંઘર્ષ અનુભવતી તેણે કેવો માનસિક આઘાત વેઠવો પડ્યો હશે એ તો આપણી કલ્પના બહાર છે.

ભરી સભામાં પોતાની પવિત્રતાનું પ્રમાણ આપ્યા બાદ માતા પૃથ્વીનું આહ્વાન કરે છે અને પોતાને તેના ખોળામાં સ્થાન આપવા વિનંતી કરે છે. ભવભૂતિની સીતા પણ પોતાની ધાત્રીને પોતાના અસ્તિત્વથી દૂર નથી કરી શકી. પોતાની વ્યથા અને પરિસ્થિતિની આલોચના પણ એની સમક્ષ રજૂ કરે છે. દુનિયાની કોઈ પણ સ્ત્રી હોય પોતાના દુઃખની વ્યથા પોતાની માતા આગળ ખુલ્લા મને રજૂ કરી શકે છે. અહીં પણ સીતા તેની માતા પૃથ્વીને યાદ કરે છે અને પૃથ્વી-પુત્રી પૃથ્વીમાં સમાઈ જાય છે. સીતાનું પૃથ્વીમાં સમાઈ જવું એ સીતાનું દૈવીય તેમજ પરાશક્તિસ્વરૂપ હોવાનું સૂચવે છે. વાલ્મીકિએ પણ સીતાને લક્ષ્મી સ્વરૂપા કહી છે.''[7] (સીતા લક્ષ્મીઃ)

આધુનિક સમયમાં આપણે આ સત્યને એટલે કે સીતાની પૃથ્વીમાં સમાઈ જવાની ઘટનાને ન સ્વીકારીએ તો પણ એ તો સ્પષ્ટ જ છે કે પોતાની પવિત્રતાનું પ્રમાણ આપીને પણ સીતાએ રામની સાથે રહેવાનું ન જ સ્વીકાર્યું. પતિવ્રતા સીતાએ ભલે પોતાના જીવનમાં રામનો પ્રતિકાર ન કર્યો, પરંતુ એના સ્વાભિમાને, આત્મસન્માને એને ફરી રામ પાસે જવાની અનુમતિ તો ન જ આપી.

દરેક વખતે પોતાના પતિ પાસે પાછા આવવાનું હોય ત્યારે પવિત્રતા સાબિત કરવા પરીક્ષા જ આપવાની, શપથ લેવાના, હવે નહીં ! હવે વાત અહીં એક માત્ર સ્ત્રીની નથી, સમગ્ર નારી જાતિની ગરિમાની, એક વ્યક્તિ તરીકેના અસ્તિત્વની સન્માનની અને અસ્મિતાની છે ત્યારે વારંવાર પરીક્ષા શેની ? સીતાનો આ નિર્ણય ખરેખર સમગ્ર પુરુષ જાતિને માટે લાલબત્તી સમાન છે. હવે આજની નારી સીતાના પગલે ચાલનારી, પતિ-પરિવારને સર્વસ્વ માનનારી, સહકર્મચારિણી, સહધર્મચારિણી બની શકે છે તો સમય આવ્યે પોતાના આત્મરક્ષણ માટે, આત્માભિમાન માટે સ્વતંત્ર નિર્ણય પણ લઈ શકે છે. સીતાએ રામ સહિત સંપૂર્ણ માનવજાતિને સ્ત્રીના ચરિત્ર અને સ્વાભિમાનની રક્ષા કરવા તથા એનું સન્માન જાળવવા માટે સંદેશ આપ્યો છે. જેની ગુંજ આજે પણ માનવ સંસ્કૃતિને પ્રોત્સાહિત કરે છે. સીતાનું ચરિત્ર શક્તિ અને પવિત્રતાનું દ્યોતક છે. જે યુગો સુધી અનુકરણીય અને પૂજ્ય રહેશે.

'ઉત્તરરામચરિત'ની સીતાએ કુદરતી રીતે નારીના ધારણ કરવાના કે સહન કરવાના ગુણને તેમજ પોતાના જીવનને બીજાના માટે સર્વસ્વ માનવાના ગુણને આગળ ધર્યો છે. અહીં સ્ત્રીઅસ્તિત્વની બીજી બાબતો ગૌણ દેખાય છે પણ એક નારી પોતાના સ્વને

ઓગાળી નારીની કુદરતી સહનશીલતાની શક્તિને જ્યારે નગરજનો સમક્ષ પ્રસ્તુત કરે છે એ આંતરચેતના પણ ખરેખર પ્રશંસનીય છે. એટલે આપણે ભવભૂતિની સીતાને એના એ ગુણના સંદર્ભમાં જોવી રહી, પરંતુ આજની કેટલીક નારીઓ આ રીતની સીતાના ગુણ ધરાવીને કોઈ પણ રીતે આંતરચેતનાને સમાજની સમક્ષ લાવી શકે છે. તે આજના વર્તમાન સમાજની ઓળખ છે.

આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો 'ઉત્તરરામચરિત'ની સીતા હકારાત્મક રીતે પ્રભાવી બને છે. આજે પણ ભવભૂતિની સીતાની જેમ મોટા ભાગનો નારી વર્ગ સંવેદનશીલ છે, જે પતિ દ્વારા કે સાસરિયા દ્વારા તેમણે કરેલી ભૂલ બદલ પશ્ચાત્તાપ વ્યક્ત કરવામાં આવતાં ક્ષમાભાવ રાખી તેમને દિલથી સ્વીકારી લે છે. 'ઉત્તરરામચરિત'માં પણ સીતાને કોઈપણ કારણ કે અપરાધ વિના રાજા રામ દ્વારા પ્રજાના આરાધન માટે નિર્વાસન આપવામાં આવે છે ત્યારે એ પરિત્યાગરૂપી લજ્જાનું શૂળ તેના હૃદયને વીંધી નાંખે છે અને આ કાંટો એના હૃદયમાં એવો ભોંકાય છે કે કઠોર-ગર્ભવાળી હોવા છતાં ગંગામાં પડતું મૂકે છે. પણ સમય જતાં જ્યારે પોતે છાયારૂપે રહી પંચવટીમાં રામની મનોવ્યથાને જુએ છે, આત્મનિંદા સાંભળે છે ત્યારે સીતાને રામના પક્ષનું સત્ય સમજાય છે અને જ્યારે અશ્વમેધયજ્ઞ માટે પોતાની સુવર્ણમયી પ્રતિમા વિશે સાંભળે છે ત્યારે તો એ પોતાના પરિત્યાગના લજ્જાનું શૂળ પણ ઉખાડીને ફેંકે દે છે. (अहो, उत्खातमिदानीं में परित्यागशल्यमार्यपुत्रेण ।) અને સાતમ અંકનો ગર્ભાંક પૂરો થયા બાદ લોકોમાં ઉઠેલા અપવાદનું લોકો દ્વારા જ શમન કરવામાં આવતાં સીતા પોતાને થયેલા અન્યાયને ભૂલી જઈ રામ સાથે પાછી અયોધ્યા જતી રહે છે અને નવેસરથી દામ્પત્ય જીવનની શરૂઆત કરે છે. આમ, આધુનિક સમયમાં એક નારીવર્ગ એવો પણ છે કે જે પોતાના દામ્પત્ય જીવનને ટકાવી રાખવા કે સમતુલા જાળવવા માટેના દરેક પ્રયત્નો માટે સજ્જ રહે છે. આત્મરક્ષા અને આત્મસન્માનને નારી ધર્મ તરીકે સ્વીકારવાની સાથે સાથે પત્ની, માતા, વહુ, દીકરી, નણંદ, જેઠાણી, દેરાણી તરીકેના સ્વ સાથે જોડાયેલા દરેક ધર્મો નિભાવવાની જવાબદારી તેમજ કર્તવ્યપાલનનો પણ સહર્ષ અને દિલથી સ્વીકાર કરે છે. આવી સભાનતા અને જાગૃતિ ધરાવનારી આજની નારી સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ પારખી પોતાનું ઉત્તરદાયિત્વ પૂર્ણ કરે છે.

આમ, આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં વાલ્મીકિ 'રામાયણ' અને ભવભૂતિના 'ઉત્તરરામચરિત'ની સીતાનો આજની નારી પર અસરકારક પ્રભાવ જોઈ શકાય છે. કારણ કે આજની નારીમાં ક્યાંક ને ક્યાંક સ્વાભિમાની સીતાની સાથે સાથે સંવેદનશીલ અને ક્ષમામૂર્તિ સીતા પણ જીવંત છે. જે ખરેખર નારી-ચેતનાનો પર્યાય બની રહે છે.


1. 'The Valmiki Ramayan' Critical Edition, Vol. VII, (Ed.) U.P. Shah. 1995. 7/88/4 P.478
2. The Valmiki Ramayan' Critical Edition, Vol.II, (Ed.) P.L. Vaidya, Oriental Institute, Baroda, 1975, 2/27/3/54/5-19 P.282 to 285.
3. The Valmiki Ramayan' Critical Edition, Vol.III, (Ed.) P.C. Divanji Oriental Institute, Baroda, 1963, 3/54/5-19 P.283 to 285
4. The Valmiki Ramayan' Critical Edition, Vol.III, (Ed.) P.C. Divanji Oriental Institute, Baroda, 1963, 3/85/32-39 236-238 3/87/27 p.247; 3/51/3,4,7,8 P. 268 to 269.
5. 'The Valmiki Ramayana', Critical Edition, Vol. VI, (Ed.) P. L.Vaidya, Oriental Institute, Baroda, 1971, 6/103/21-24, p. 768.
6. The Valmiki Ramayana', Critical Edition, Vol. VII, (Ed.) U.P. Shah, 1975, 7/44/10-13, p. 293, 294
7. The Valmiki Ramayana', Critical Edition, Vol. VI, (Ed.) P. L.Vaidya, Oriental Institute, Baroda, 1971, 6/105/25, p. 780



સરદાર પટેલ યુનિવર્સિટી,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ (મો) ૬૩૫૧૩૨૮૮૬૩





ISSN 0976-9609

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"My hands still smell of blodd,
All the perfumes of Arabia won't sweeten the smell of my little hand.

(William Shakespeare's Macbeth Act:V Scene:I)

વિલિયમ શેક્સપિયરની ચાર મહાન કરુણાંતિકાઓ માંની એક કરુણાંતિકા છે. મેકબીથ. પ્રસ્તુત કરુણાંતિકાનાં પાંચમા અંકના પ્રથમ દશ્યમાં લેડી મેકબીથ દ્વારા બોલાયેલા ઉપરોકત પંકિતઓએ હકીકતની પ્રતિતિ કરાવે છે કે રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ ચરિતાર્થ કરવા માટે કરેલા કુકર્મો માનવીને કેવા અપરાધબોધ 'સેન્સ ઓફ સીન એન્ડ ગીલ્ટ' તરફ ઢસડી જાય છે અને તે માનવી તેમાંથી કદાપિ બહાર આવી શકતો નથી.

ડન્કન સ્કોટલેન્ડનો રાજા છે અને મેકબીથ ડન્કનનાં લશ્કરમાં સેનાપતિ તરીકે ફરજ બજાવે છે. પોતાની બહાદુરી માટે ડન્કન અનેક ખિતાબ મેળવી ચૂક્યો છે.

કરુણાંતિકનાં પ્રથમ અંકમાં રજૂ થયું છે તે મુજબ મેકબીથની મનોભૂમિમાં પ્રથમ વખત રાજકીય મહત્ત્કાંક્ષાનાં બીજ રોપવાનું કામ કરે છે ત્રણ અધિભૌતિક તત્ત્વો-ડાકણો-જે મેકબીથનું ભવિષ્ય ભાખતા કહે છે કે નજીકનાં ભવિષ્યમાં જ મેકબીથ સ્ટોકલેન્ડનો રાજા બનશે અને ત્યારથી મેકબીર્થના રાજકીય મહત્ત્વાકાંક્ષાનો અગ્નિ ભભૂકી ઉઠે છે. લેડી મેકબીથ રાજકીય મહત્ત્વાકાંક્ષાની અગ્નિમાં બળતામાં ઘી હોમવાનું કાર્ય કરે છે. મેકબીથને ઉશ્કેરવા માટે તે વિવિધ પ્રયુક્તિઓ અજમાવે છે. જેમ કે, મેકબીથની હિમ્મત અને પુરુષત્વ ઉપર શંકા કરવી, વારે વારે ડાકણની ભવિષ્યવાણીની યાદ અપાવવી, મેકબીથ પોતાનું વચન તોડી રહ્યો છે તેવો આક્ષેપ કરવો અને એ મેકબીથની નીતિ વિષયક બાબતોને લગતી અવઢવની અવગણના કરવી. જેવી રીતે ઈવની ઉશ્કેરણી સામે આદમને નમવું પડ્યું હતું તેવી જ રીતે મેકબીથને લેડી મેકબીથની ઉશ્કેરણી સામે નમવું પડે છે અને આ બહાદુર યોદ્ધો એક કાયરની જેમ નિદ્રાધીન ડન્કનની હત્યા કરીને પોતાની રાજકીય મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરે છે. ડાકણની ભવિષ્યવાણી હોવા છતાં જો લેડી મેકબીથે પોતાના પતિને ઉશ્કેરવાનું કાર્ય ન કર્યું હોત તો મેકબીથે આવું ભૂલભરેલું કાર્ય કદાપિ ન કર્યું હોત પરંતુ લેડી મેકબીથની ઉશ્કેરણી મેકબીથને હત્યા જેવો ગંભીર અપરાધ કરવા વિવશ કરે છે.

બસ, આ અપરાધ પછી લેડી મેકબીથ 'સેન્સ ઓફ સીન એન્ડ ગીલ્ટ'નો ભોગ બને છે. અપરાધબોધની ભાવના તેની મનોભૂમિમાં એટલે ઊંડે સુધી પોતાના મૂળ નાખે છે કે લેડી મેકબીથ નથી સુખેથી દિવસે રહી શકતી કે નથી રાત્રે સુખેથી સૂઈ શકતી. લેડી મેકબીથની આવી અપરાધબોધવાળી મનોદશા દરમ્યાન બોલાયેલ પ્રસ્તુત પંક્તિઓ તેની પોતાની કફોડી મનોદશાનું દર્શન કરાવે છે. રાત્રે નિદ્રા માં ચાલવું અને વારેવારે પોતાના હાથ ધોવા જેથી ડન્કનનાં લોહીના ડાઘ અને તેની બદબુ તેના હાથથી દૂર થાય - આ તમામ બાબતો તેના પાપની સાક્ષી પૂરે છે. પરંતુ નથી તે લોહીના ડાઘ જતા કે નથી તે બદબૂ જતી.

લેડી મેકબીથની આવી મનોદશા જોઈને અન્ય એક પાત્ર ડોક્ટર-સચોટ નિદાન કરે છે કે તેને ડોક્ટરની નહીં પણ તેનું અંતઃકરણ ચોખ્ખું અને નિષ્પાપ કરે તેવા વ્યક્તિની જરૂરત છે. વારે વારે હાથ ધોવાથી અંતઃકરણનું પાપ કેવી રીતે ધોવાય ? ડૉક્ટરના મત મુજબ અકુદરતી કર્મોનાં પરિણામો પણ અકુદરતી જ હોય છે. પ્રસ્તુત પંક્તિઓ દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે જ્યારે માનવી ક્ષણિક ફાયદા માટે પાપ-કર્મ કરે ત્યારે તેના પરિણામો દુઃખદ જ હોય છે. કર્મનાં સિદ્ધાંતને કદાપિ કોઈ પણ વ્યક્તિ ટાળી શકતી નથી. આજ નહિ તો કાલ, પણ દરેક માનવીને પોતાના કર્મોનાં ફળ ભોગવવા જ પડે છે, પછી ભલે તે વ્યક્તિ ગરીબ હોય કે તવંગર, રાજા હોય કે પ્રજા, સ્ત્રી હોય કે પુરુષ અને યુવાન હોય કે વૃદ્ધ.

|| વિશેષ ||

## God : The Greatest Mathematician, Artists And Genius :

**Darshna J. Prajapati**

When we look around us, at the stars in the sky, the patterns in nature, and the beauty of life itself, we often feel a deep sense of wonder. The universe seems full of order, balance, and creativity. It doesn't appear random or chaotic. Instead, it feels as if everything fits together in a meaningful and beautiful way. Many great thinkers throughout history have felt this same sense of awe. They have looked deeply at the world and concluded something very powerful: the universe shows signs of intelligence, creativity, and wisdom that seem greater than human understanding. Some have even said that these points to something or someone greater than us, which many people call God.

In this article, we will explore how people have seen God as the **greatest mathematician**, the **greatest artist**, and the **greatest genius** and how this idea can inspire all of us to see the world in a deeper way.

### God: The Greatest Mathematician

When we look at the world, one of the first things we notice is its order and precision. The movements of the planets, the way seasons change and even the structure of atoms all follow exact rules. These rules can be described using mathematics, which is the language of numbers, shapes, and relationships. Many scientists and thinkers see this as more than coincidence; they see mathematics as a key to understanding the universe. One famous idea comes from **Paul Dirac**, a Nobel Prize–winning physicist. Dirac said, "God is a mathematician of a very high order and He used advanced mathematics in constructing the universe." What Dirac meant was not just that math helps us understand nature, but that mathematics is deeply woven into how reality itself works. The laws of physics, from gravity to the behavior of light, are written in beautiful mathematical equations.

Another great thinker, **Sir Michael Francis Atiyah**, a British mathematician, also said that God could be seen as a mathematician because the universe follows such precise laws.

**Think about it:**

* The shape of a galaxy follows a spiral pattern.
* The way plants grow often follows number patterns like the **Fibonacci sequence** (a pattern where each number is the sum of the two before it).
* Even the way waves and particles behave can be predicted with mathematics.


ISSN 0976-9609

To a mathematician, these patterns are not random, they show harmony and connections that are too perfect to ignore. When they look at nature's patterns, some feel that the universe was created with mathematical intelligence, leading them to think of God as the **greatest mathematician**. Even beyond science, mathematics speaks to our sense of beauty. Many mathematicians describe their discoveries as beautiful, not just useful or practical, but genuinely pleasing to the mind and spirit. This idea is similar to what artists feel when they create a work of art.

### God: The Greatest Artist

Mathematics shows order and structure, but what about **beauty and creativity** ? The universe isn't just ordered, it is also wonderfully beautiful.

Consider the vibrant colors of a sunset, the delicate shape of a butterfly's wings, or the peaceful flow of a river. For many people, these things feel like art. And some artists have expressed this feeling in powerful ways.

The great Spanish painter **Pablo Picasso** once said, "God is really another artist — He invented the giraffe, the elephant and the cat." Picasso's point was simple: when we see the diversity and beauty of nature, we are looking at work that seems more imaginative and creative than what any human artist can produce.

When artists see a sunrise or a mountain range, they often feel deep inspiration. Many say that these natural forms are more beautiful than any painting or sculpture humans have made. This leads us to think of the universe itself as a vast gallery of living art. And if nature's beauty surpasses human creativity, then it makes sense to call the source of that beauty the **greatest artist.**

This idea aligns with what many philosophers call the argument from beauty, the thought that the beauty in nature (and in ideas like mathematics) suggests the presence of a creator who arranged these things to be beautiful, not just functional.

Beauty moves us. When we stand before a breathtaking landscape or listen to a song that touches our heart, we feel an emotional connection that goes beyond reason. For many people, this experience of beauty points to something transcendent, something beyond what we can fully explain.

### God: The Greatest Genius

We often think of genius as exceptional intelligence, someone able to solve problems or create new ideas in ways most people cannot. But when we think about the universe as a whole, some people see intelligence and wisdom far beyond human genius.

For example, the sheer complexity of life, from the tiny cells in our bodies to the vast ecosystems on Earth shows an intricate order that can be hard to fully grasp. The laws of nature, which work together so perfectly, seem to reflect profound wisdom. When scientists and thinkers ponder these laws, many feel that the universe is not only mathematically logical and artistically beautiful but also guided by deep intelligence.

Some writers use the word genius to describe this intelligence, suggesting that the wisdom in nature is greater than the wisdom of any individual human. As one article explains, when a true genius studies the world, he/she may feel awe and humility because there seems to be greater wisdom at work in existence than in any one mind.

This doesn't mean that God is just another brilliant person. Rather, it means that when we compare the intelligence we see in nature, the way life grows, changes, and survives, with human reasoning, we often feel that nature's design is far more clever and interconnected than anything we could achieve.

When we see this deep wisdom everywhere in the growth of plants, the adaptations of animals, and the balance of ecosystems, we may think that this wisdom must come from a source greater than ourselves. That is why many conclude that God is the **greatest genius.**

**How People See These Ideas Today**

You might wonder if these ideas belong only to religious thinkers. But the amazing thing is that people from many different backgrounds, scientists, artists, philosophers, and everyday people, have noticed similar wonders in the world.

Some atheistic or non-religious thinkers also acknowledge the mystery and beauty of the universe. For instance, the physicist Albert Einstein once spoke about the universe's harmony and order in a way that suggested deep respect for its design. And even in philosophical circles, thinkers like the ancient Greek **Plato** believed that abstract ideas, like mathematical truths and beauty, point to something greater than the physical world.

Even in modern philosophy, the idea that the world's beauty and order might point to deeper meaning is taken seriously. Some philosophers argue that the world's aesthetics, its artistic and mathematical elegance are clues to understanding reality more deeply.

**Why These Ideas Matter to Us**

You don't need to be a scientist or an artist to appreciate these ideas. Everyone, at some point, has looked at a starry sky or watched sunlight dance on water and felt a sense of

 ISSN 0976-9609

wonder. This feeling, a mix of curiosity, awe, and humility is something that connects people across cultures and times.

Thinking about God as the greatest mathematician, artist, and genius is not just about religion. It's also about **asking big questions:**

* Why does the universe have such clear order?
* Why is there beauty in nature that moves us deeply?
* Why do the laws of physics work so precisely and consistently in the design and working of nature ?

These questions don't need quick answers. Instead, they encourage us to reflect deeply and to remain open to mystery and meaning in life.

**Seeing the World with Wonder**

When we look at the universe's mathematical precision, artistic beauty, and profound wisdom, we are invited to think beyond what we see at the surface. Whether you interpret all this in a religious way, a philosophical way, or simply a poetic one, the world's design inspires a sense of awe and respect.

Meeting this beauty doesn't require special training or knowledge. Anyone with an open heart and a curious mind can appreciate the order and wonder of existence. And when we do, we may begin to feel the heartfelt truth that many people have felt across time: that behind the universe's harmony and beauty, there is an intelligence and creativity greater than ourselves. In that sense, God can be seen as the greatest mathematician, the greatest artist, and the greatest genius, a source of inspiration for all of humanity.

---

Associate Professor and Head
of the Applied Science and
Humanities Department,
MBIT, New V. V. Nagar

---

**॥ વિદ્યાવૃત્ત ॥**

**ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી** : તા.૦૭-૦૨-૨૦૨૬ અને તા. ૦૮-૦૨-૨૦૨૬ બે દિવસનો ઓનલાઈન ફાર્મા રિફ્રેશર કોર્સ ડો.જીનલ ટડેલ, ડો.હેતાબેન કાછીયા દ્વારા નોંધાયેલ ફાર્માસિસ્ટ્સ માટેનો બે દિવસીય ઓનલાઇન રિફ્રેશર કોર્સ ૭ અને ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઈન્દુકાકા ઇપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી, ન્યૂ વલ્લભ વિદ્યાનગર દ્વારા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના પ્રાયોજન હેઠળ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં દર્દી પરામર્શ, ડ્રગ દુરુપયોગ નિવારણ, નિયમનકારી બાબતો, દવા સંબંધિત ભૂલો, રસીકરણ, આરોગ્યસેવા ક્ષેત્રમાં AI અને MLનો ઉપયોગ તથા ડેટા ઇન્ટેગ્રિટી જેવા વિવિધ અને સમયોચિત વિષયો આવરી લેવાયા હતા. પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, નિયમનકારી અધિકારીઓ અને ઉદ્યોગ ક્ષેત્રના નિષ્ણાતોએ સંસાધન વ્યક્તિ તરીકે માર્ગદર્શન આપ્યું, જેના કારણે કાર્યક્રમની શૈક્ષણિક અને વ્યાવસાયિક ગુણવત્તા નોંધપાત્ર રહી.

## ।। આયુર્વેદ ।।

### કુદરતની લહેર : 'વસંત'

[1]આશિષ એમ. ભડાણિયા
[2]પ્રો. રિતેશ ગુજરાથી

આપણે આજે વાત કરવા જઈ રહ્યા છીએ ઋતુઓનો રાજા એટલે વસંતની. છ ઋતુઓમાંની એક એટલે વસંત, જે અંગ્રેજી મહિના પ્રમાણે મધ્ય માર્ચથી લઈ મધ્ય મે સુધી અને ગુજરાતી મહિના પ્રમાણે ચૈત્ર અને વૈશાખને આવરી લેતો સમયગાળો એટલે વસંત. પાનખરમાં સૂકા પડેલા દરેક પર્ણથી લઈને વૃક્ષની એક એક ડાળીમાં નવો જીવ ફૂંકી નાખતી ઋતુ એટલે વસંત. તો ચાલો આપણે જોઈએ કે આ ઋતુની અંદર આપણે કેવી દિનચર્યાનું પાલન અને ખોરાકનું સેવન કરીએ તો સ્વાસ્થ્યવર્ધક સાબિત થાય.

**વાતાવરણ :** આ ઋતુની શરૂઆત એ વસંતપંચમીના પાવન પર્વથી થાય છે. આ ઋતુનો સમાવેશ આદાન-કાલમાં થાય છે, જે શક્તિ ઘટાડનારી સાબિત થાય છે. આ ઋતુમાં ન તો એટલી બધી ઠંડી કે ના તો એટલી બધી ગરમી હોય છે. પવન એ પૂરજોશથી રૂક્ષતા સાથે ફૂંકાતો જોવા મળે છે. ચારે તરફ ચોમેરું એવું એક પ્રસન્નતાથી ભરપૂર અને મનને આહ્લાદકથી ભરી મૂકતું વાતાવરણ જોવા મળે છે. આ ઋતુમાં શિશિર ઋતુનો જામેલો કફ એ સૂર્યના તીવ્ર કિરણોને લીધે ઓગળે છે અને આપણી પાચનશક્તિને ઘટાડે છે તથા બીજી ઘણી બધી બીમારીઓનું કારણ બને છે.

**દિનચર્યા** : સવારે સૂર્ય ઊગે તે પહેલા ઊઠીને પોતાની દરેક દૈનિક ક્રિયાઓ પતાવી અને દરેક વ્યક્તિઓએ અવશ્યપણે જ્યાં સુધી અડધી ઊર્જા ખર્ચાઈ ન જાય ત્યાં સુધી વ્યાયામ કરવો જોઈએ અને ત્યારબાદ થોડીવાર માટે અનુલોમ-વિલોમ યોગનો અભ્યાસ કરવો.

અભ્યંગ એટલે કે શરીરના દરેક અંગોને તેલથી માલિશ કરવી જોઈએ, જે આપના શરીરમાં લોહીનો પ્રવાહ વધારવા, થાક દૂર કરવા, ચામડીને સારી બનાવવા, સારી એવી ઊંઘ લાવવા, કોઈ અંગનો દુખાવો દૂર કરવા સારી સાબિત થાય છે. ત્યારબાદ ગરમ પાણીની અંદર ચંદન જેવી ઔષધિઓ તથા લીમડાના પાંદડા નાખવાથી તે ચામડીના રોગો સામે રક્ષણ આપે છે અને સવારે ચાલવું પણ ખૂબ જ લાભદાયી જોવા મળે છે. દિવસ દરમિયાન મોટાભાગે છાંયડામાં સમય પસાર કરવો.

આ ઋતુ દરમિયાન શરીરમાં રહેલી અશુદ્ધિ-ઓને દૂર કરવા માટે આયુર્વેદની ચિકિત્સા પ્રણાલી વમન કે જેના દ્વારા મોં માર્ગે તમે અશુદ્ધિઓને દૂર કરી શકો છો તથા નસ્ય, ધૂમપાન જેવી પ્રણાલી વડે બીજી ઘણી બધી બીમારીઓમાંથી રાહત મેળવી શકો છો.

રાત્રે સૂતા પહેલા પગને ગરમ પાણીથી ધોઈ ને તેની માલિશ કરવી જોઈએ જેને આયુર્વેદ અનુસાર ''પાદાભ્યંગ'' કહેવામાં આવે છે. જે એક સારી ઊંઘ, પગમાં પડતા વાઢિયા, પગના દુખાવો અને રૂક્ષતાથી બચાવે છે. આ ઋતુ દરમિયાન કફ, માથાનો દુખાવો થતો જોવા મળે છે. આ ઋતુમાં દરેક ફૂલો ખીલતા જોવા મળે છે તેથી ઘણા લોકોને તેની પરાગરજની એલર્જી પણ જોવા મળે. શરદી, ઉધરસ, ચામડીના રોગો વગેરે આ ઋતુ દરમિયાન મુખ્યત્વે જોવા મળતા હોય છે તો આ રોગોથી રક્ષણ મેળવવા નીચે દર્શાવેલા ખોરાક અને રહેણીકરણીનું પાલન કરવું.

**કેવા પ્રકારનો ખોરાક લેવો જોઈએ ? :** વસંતઋતુની અંદર આપણી પાચનશક્તિ એ થોડી નબળી જોવા મળે છે તેથી પાચન કરવામાં અઘરા હોય તેવા ખોરાકનું સેવન ન કરવું જોઈએ. મુખ્ય રસો જે આપણા શરીરને શક્તિ આપનારા અને કડવો અને તૂરો કે આપણા શરીરમાંથી હાનિકારક એવા દ્રવ્યોને દૂર કરી શુદ્ધ કરવામાં મદદરૂપ થાય છે.

- ફળો જેવા કે તરબૂચ, દ્રાક્ષ, સક્કરટેટી
- ગઈ સીઝનના જૂના ઘઉં, જવ


ISSN 0976-9609

- લીમડાના મોરનો રસ
- વધુ પ્રયોગ કરે તેવા મસાલાઓ જેવા કે હળદર, આદુ.
- દરેક લીલા પાંદડાવાળા શાકભાજીઓ તથા ગરમીની સામે ટકી રહેવા માટે ડુંગળી
- છાસ, આમળાનો રસ, તુલસીના પાનનો રસ, લીંબુ પાણી, કાચી કેરીનો રસ
- મગની દાળ, મસૂરની દાળ, મેથી.
- સવારે પાણીમાં મધ નાખીને પીવું.

**પોષાક અને રહેણીકરણી** : આ ઋતુમાં પૂરેપૂરા શરીરને ઢંકાઈ જાય તેવાં કપડાં પહેરવા જોઈએ અને સૂર્યના સામેથી આવતા કિરણોથી બચવું. દરેક વ્યક્તિએ જ્યારે સવારે અને રાત્રીના સમય દરમિયાન ઠંડી હોય ત્યારે ગરમ વસ્ત્રોનો ઉપયોગ કરવો અને દિવસ દરમિયાન પીવામાં પણ ગરમ પાણી કે સામાન્ય તાપમાનવાળું પાણીનું સેવન કરવું જોઈએ.

આ ઋતુ દરમિયાન ચારે તરફ ફેલાયેલા કુદરતની આ કલાકારીનો આનંદ માણવા માટે તમારો દિવસ દરમિયાનનો થોડો સમય બગીચામાં પસાર કરવો. જ્યાં નવા નવા ખીલેલા પુષ્પોની સુગંધ મંત્ર-મુગ્ધ કરી મૂકે છે. આ ઋતુમાં કોયલ તેના ગાયનનો આરંભ કરે છે. દરેક વૃક્ષને જાણે કે એક અનેરો શૃંગાર કરેલો હોય તેમ વસંતઋતુ આનંદમાં અભિવૃદ્ધિ કરનારી ઋતુ છે., વસંતપંચમી, ગૂડી પડવો, હોળી, રામનવમી જેવા ઉત્સવો આ જ ઋતુમાં આવે છે. આનંદી રહેવાથી આરોગ્ય મળે છે અને ઘણા બધા વિકારોનો નાશ થાય છે. આ ઋતુમાં ઝરણાં, નદી અને પક્ષીઓના કલરવની વચ્ચે કુદરતના સાંનિધ્યમાં સમય પસાર કરવાથી મન અને આત્મા માટે તૃપ્તિ-કારક સાબિત થાય છે.

### આ ઋતુ દરમિયાન શું ન કરવું જોઈએ ?

- દિવસ દરમિયાન સૂવું ન જોઈએ.
- સીધા સૂર્યપ્રકાશના સંપર્કમાં ન આવવું.
- સામેથી આવતા પવન તરફ મોં ન રાખવું
- તળેલું અને દૂધની બનેલી વાનગીઓ ત્યાગવી.
- ભારે અને સ્નિગ્ધ જેવા દ્રવ્યોનો ત્યાગ કરવો.
- ચીઝ, પનીર, દહી, શિખંડ વગેરે ભારે ખોરાક ન ખાવો.
- ઠંડા પીણા, આઇસક્રીમ વગેરેનો ત્યાગ કરવો.
- હોળી જેવા પર્વ પર કુદરતી રંગોનો ઉપયોગ કરવો, જેથી કેમિકલયુક્ત રંગોથી બચી શકાય.
- વધુ કેલેરીવાળો ખોરાક ન ખાવો.
- મીઠાઈઓ અને ફ્રૂટ સલાડનું સેવન ન કરવું.

**ઋતુસંધિ** : હવે આપણે એક ખૂબ જ જરૂરી એવો મુદ્દો એટલે કે ઋતુસંધિની વાત કરીએ તો તમારા મનમાં આવો પ્રશ્ન તો ઉદ્ભવ્યો જ હશે. તો ચાલો તેનું નિરાકરણ લાવીએ. શિશિરનાં અંતિમ અને વસંતઋતુના શરૂઆતના સાત દિવસો ઋતુ સંધિ તરીકે ઓળખાય છે. આ સમયગાળો એ રોગ થવા માટે મુખ્ય ગણાતો હોય છે જેમાં બંને ઋતુ જોવા મળતી હોય છે તો આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે આપણે ધીમે ધીમે પાછળની ઋતુની દિનચર્યા છોડવી અને આવનારી નવી ઋતુને અપનાવવી જોઈએ જેથી શરીર એકદમથી થવાવાળા બદલાવને સહન કરી શકે અને આપણું શરીર રોગમુક્ત બન્યું રહે.

આમ ઉપર જણાવેલી તમામ બાબતોને ધ્યાનમાં ન રાખવામાં આવે તો તમે ખૂબ જ સરળતાથી કોઈ પણ રોગનો ભોગ બની શકો છો અને જો પછી પણ પૂરતી કાળજી ન લેવામાં આવે તો તે રોગ આગળ વધી ઘણો ઘાતક સાબિત થાય છે. તો આપણે આયુર્વેદના આ તમામ સિધ્ધાંતોને અપનાવીને આપણે વસંતને એક અલગ જ ઉલ્લાસપૂર્વક વિતાવીએ અને શરીરને તાજગી સાથે સ્વાસ્થ્યથી ભરી મૂકીએ.

---

[1]તૃતીય વર્ષ, બી.એ.એમ.એસ.
[2]વિભાગાધ્યક્ષ, સંહિતા સિદ્ધાંત અને સંસ્કૃત
જી.જે.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યૂ વલ્લભવિદ્યાનગર

## આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ એ (ગ્રાન્ટેડ) STEM QUIZ 4.O માં ઝોન કક્ષાએ પ્રથમ મેળવ્યો.

(૧) ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ગુપ્તા ધૈર્ય ગોવિંદલાલએ ભારત દેશની સૌથી મોટી એવી STEM QUIZ 4.O સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું તેમજ સમગ્ર ચારુતર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે.

વિદ્યાર્થી ધૈર્યએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ઝોન કક્ષાએ ભાવનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઝોન કક્ષાએ પણ તેણે ઉત્તમ પ્રદર્શન કરી પ્રથમ ઇનામ પ્રાપ્ત કર્યું છે. હવે આ પ્રતિભાશાળી વિદ્યાર્થી સ્ટેટ લેવલની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યો છે.

આ નોંધપાત્ર સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળ અને ચારુતર યુનિવર્સિટીના માનનીય ચેરમેન એન્જિનિયર ભીખુભાઈ પટેલે વિદ્યાર્થીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ સાહેબે વિદ્યાર્થીની પ્રગતિ બદલ શુભકામનાઓ પાઠવી .

વિદ્યાર્થીને આ સફળતા મેળવવામાં શાળાની શિક્ષિકા કુમારી ઋતિકાબેન પટેલનો મહત્ત્વનો ફાળો રહ્યો છે, જેમણે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન આપી સંપૂર્ણ તૈયારી કરાવી હતી. ઉપરાંત શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે સતત પ્રોત્સાહન આપી વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધાર્યો હતો.

શાળા પરિવાર, શિક્ષકો, વાલીઓ તેમજ સમગ્ર ચારુતર વિસ્તાર તરફથી વિદ્યાર્થી ધૈર્ય ગુપ્તાને આવનારી સ્ટેટ લેવલની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

(૨) અમારી શાળાના વિદ્યાર્થીઓએ ROBOFEST-GUJARAT 5.0 નામની ભારતની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધામાં, Gujarat Council on Science and Technology (GUJCOST) દ્વારા આયોજિત, ''AI Homobots'' કેટેગરી હેઠળ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

શાળાના બે પ્રોજેક્ટ Level III (Prototype) માટે પસંદ થયા છે અને કુલ ૨.૫૦ લાખની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. દરેક પ્રોજેક્ટને Level I માટે ૨૫,૦૦૦ અને Level II (Proof of Concept) માટે ૧,૦૦,૦૦૦ની સહાય મળેલી છે. રાજ્યભરમાંથી રજૂ થયેલા ૯૮ પ્રોજેક્ટમાંથી શાળાના બે પ્રોજેક્ટ પસંદ થયા, જ્યારે શાળાની ત્રણ ટીમોમાંથી બે ટીમો Level III માટે ક્વોલિફાય થઈ છે.

આ પ્રોજેક્ટનું માર્ગદર્શન શ્રીમતી પ્રીતિ પંચાલ અને શ્રીમતી શ્રેયા પરમાર દ્વારા આપવામાં આવ્યું હતું. ભાગ લેનારા ધોરણ ૯ના વિદ્યાર્થીઓ છે નિધિ ચૌહાણ, ભાર્ગવી પિત્તાલિયા, રિધમ શાહ, વિશ્વ કુંવરબા દિગ્વિજયસિંહ, ધાયના પટેલ, ખુશી સોલંકી, આરોહી શર્મા અને યાશ્વી કચ્છિયા.

શાળાનાં પ્રિન્સિપાલ શ્રીમતી બિંદુ સેન્ટિલનાથે તમામ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકોને અભિનંદન પાઠવી ભવિષ્યમાં વધુ સફળતા માટે શુભેચ્છા પાઠવી.

## સીવીએમયુની આઈસ્ટાર કૉલેજ દ્વારા ઈન્ટરક્લાસ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સનું આયોજન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કૉલેજ દ્વારા આંતરક્લાસ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સમાં કુલ નવ પ્રકારની રમતગમત સ્પર્ધાઓમાં આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં સુજલ થાપા અને જય પટેલ, મહિલા વિભાગમાં સૂર્યાશી અને ગ્રેસી, પુરુષ વિભાગની ડબલ્સ ટુર્નામેન્ટમાં જય અને ઓમ તથા હિમાંશુ અને નિર્માણ, ચેસ ટુર્નામેન્ટમાં હાર્દિક ચોચા અને અક્ષર ધોળકિયા, ટેબલ ટેનિસમાં પુરુષ વિભાગમાં નીલ ચૌધરી અને આર્યન પટેલ, જ્યારે ડબલ્સ


ISSN 0976-9609

કેટેગરીમાં દેવરાજસિંહ રાઉલજી અને હેત જાધવ તથા મીત પટેલ અને રુચિત પટેલ વિજેતા અને ઉપવિજેતા બન્યા હતા. આંતરક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૫ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રીની દ્વિતીય સેમેસ્ટરની ટીમ વિજેતા તથા ચતુર્થ સેમિસ્ટરની ટીમ ઉપવિજેતા બની હતી. આંતરક્લાસ વોલીબોલ ટુર્નામેન્ટમાં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ઇન્ડસ્ટ્રીયલ કેમિસ્ટ્રીની ચતુર્થ સેમિસ્ટરની ટીમ વિજેતા અને ઇન્ડસ્ટ્રીયલ હાઈજીનની દ્વિતીય સેમિસ્ટરની ટીમ ઉપવિજેતા થઈ હતી. આંતરક્લાસ ટગ ઓફ વોર ટુર્નામેન્ટમાં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ઇન્ડસ્ટ્રીયલ કેમિસ્ટ્રીની ચતુર્થ સેમિસ્ટરની ટીમ વિજેતા અને દ્વિતીય સેમિસ્ટરની ટીમ ઉપવિજેતા થઈ હતી. સ્પોટ્‌ર્સ સેક્રેટરી માનસ જોટવા અને મીત મોરી દ્વારા ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં હતી. ઇન્ટરક્લાસ સ્પોટ્‌ર્સ ટુર્નામેન્ટ્‌સ રમતોત્સવ ૨૦૨૫-૨૬ નું સંચાલન સ્પોટ્‌ર્સ કોઓર્ડિનેટર ડૉ. મંદાર કર્વે દ્વારા કરવામાં આવ્યું હતું. આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ અને કોલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**આઈસ્ટાર કૉલેજના સાઈબર સિક્યુરિટી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ પ્રતિભા શોધમાં ઝળક્યા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કૉલેજના સાઇબર સિક્યુરિટીના વિદ્યાર્થીઓએ ચારુસેટ યુનિવર્સિટી દ્વારા આયોજિત આઇડિયલ ઇગ્નાઇટ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સાઇબર સિક્યુરિટી ડિપાર્ટમેન્ટના મિતેશ પટેલ અને એમસીએ ડિપાર્ટમેન્ટ ધ્રુવિત પરમાર ઇમોશન ડિટેક્શન શીર્ષક હેઠળ કોડ કર્મ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સાઇબર સિક્યુરિટી ડિપાર્ટમેન્ટના પ્રોગ્રામ કોઓર્ડિનેટર પાર્થ પરીખે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ અને કૉલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા પ્રોગ્રામ કોઓર્ડિનેટર પાર્થ પરીખ તેમજ વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**એન વી પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ :**

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની સંસ્થા એન વી પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સની સેમેસ્ટર ચારમાં અભ્યાસ કરતી માઇક્રો-બાયોલોજી વિભાગની વિદ્યાર્થિની કુમારી પ્રાચી પટેલે ગુજરાત ઈન્ટિગ્રેટેડ બાયોનેટવર્ક-જી.એસ.બી.ટી.એમના સહયોગથી માઇક્રોબાયોલોજી સ્ટડી સર્કલ દ્વારા આઇ-આઇટી ગાંધીનગર ખાતે યોજાયેલ કોન્સેપ્ટ મેપિંગ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. માઈક્રોબાયોલોજી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. નીલકંઠ ફળદુ તથા શ્રેયા મહેતા મેડમના માર્ગદર્શન હેઠળ રીકોમ્બિનન્ટ ડીએનએ ટેક્નોલોજી જેવા સાંપ્રત વિષયને અનુલક્ષીને કુમારી પ્રાચીએ કોન્સેપ્ટ મેપિંગ કરી ખૂબ જ સચોટ રીતે મુદ્દાસર રજૂઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં ૩૦ કરતા વધુ સાયન્સ કૉલેજોએ ભાગ લીધો હતો. આ ઝળહળતી સફળતા બદલ માઇક્રો બાયોલોજી વિભાગના અધ્યક્ષ ડૉ. ઉર્વીશ છાયા તથા એન. વી. પટેલ સાયન્સ કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ભાવિન પટેલે કુમારી પ્રાચીને અભિનંદન પાઠવ્યા હતા.

**એમ.યુ.પટેલ (ટેક.) હાઈસ્કૂલ**ની ટીમ ROBO-FEST 5.0 કોમ્પિટિશનના ત્રીજા રાઉન્ડમાં ચારુતર વિદ્યામંડળ દ્વારા આશિર્વાદિત એમ. યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલની ટીમ GUJCOST-DST દ્વારા રાજ્ય-કક્ષાએ યોજાયેલ ROBOFEST 5.0 રોબોટ મેકિંગ કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. જેમાં શાળાના ચાર વિદ્યાર્થીઓએ લેવલ-૨ પ્રૂફ ઓફ કોન્સેપ્ટમાં ''એ આઈ ઓટોનોમસ ડ્રાઇવિંગ બોટ્‌સ'' કેટેગરીમાં રોબોટનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જે પ્રોજેક્ટમાં વિજેતા બન્યા છે અને આ પ્રોજેક્ટ ROBOFEST 5.0 ના ત્રીજા

રાઉન્ડમાં પસંદગી પામ્યો છે. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના તમામ સાહેબશ્રીઓએ વિજેતાઓને અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા અને હજુ વધુ આગળ વધવાની પ્રેરણા આપી હતી.

શાળાના આચાર્યશ્રી તથા આ પ્રોજેક્ટના ટીમ મેન્ટરશ્રી હસિતભાઈ આઈ. પાઠકે બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**ચા.વિ.મં.ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ (વ્યવસાયલક્ષી પ્રવાહ–ગૃહવિજ્ઞાન જૂથ) ૭૭ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી :**

ચારુતર વિદ્યામંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી સી.વી.એમ.યુનિવર્સિટી અને એન.સી.સી.હેડ ક્વાર્ટ્ર, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે તેમજ સી.વી.એમ.હાયર સેકન્ડરી, હોમ સાયન્સ શાળાના યજમાનપદે શાસ્ત્રી મેદાન વિદ્યાનગર ખાતે ૭૭ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં થઈ. જેમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેન (એન્જિનિયર) શ્રી ભીખુભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલ, એન.સી.સી. હેડ કવાર્ટર્સના કમાન્ડર (બ્રિગેડિયર) શ્રી પી. એસ. અરોરા સાહેબ, ચારુતર વિદ્યામંડળના માનદમંત્રી શ્રી એસ.જી.પટેલ સર તથા મંડળના અન્ય હોદ્દેદારો હાજર હતા.

મહેમાનોના સ્વાગત બાદ શ્રી નિરંજનભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. એન.સી.સી. કેડેટ્સ દ્વારા દબદબાભેર પરેડ થઈ. ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ અને સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. નિરંજન પટેલ સાહેબે પ્રાસંગિક પ્રવચન કર્યું. જેમાં તેમણે શહીદોના બલિદાનો અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને યાદ કર્યા.

સી.વી.એમ.હાયર સેકન્ડરી, હોમ સાયન્સની વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા. જેમાં તેમણે દેશભક્તિનાં ગીતો પર નૃત્ય દ્વારા નારી મહિમાને વ્યક્ત કરી સૌ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા. સમગ્ર કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે એસ.પી.યુનિવર્સિટીના હિન્દી વિભાગના એચ.ઓ.ડી. નિવૃત્ત પ્રોફેસર ડૉ.સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમ સાયન્સ શાળાના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડોલીબેન મોહેએ કરી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌને મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમની ભવ્ય ઉજવણી દેશના ગૌરવપૂર્ણ ઇતિહાસ અને ઉજ્જ્વળ ભવિષ્યની યાદ અપાવનાર બની રહી.

**સીવીએમ યુનિવર્સિટી હેઠળના ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી** દ્વારા આયોજિત આરએક્સ ક્રિકેટ લીગ - સીઝન ૦૨, શ્રી કૃણાલ એચ. સોલંકીના નેતૃત્વ હેઠળ તા. ૧૭-૧૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ADIT ક્રિકેટ ગ્રાઉન્ડ, ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે સફળતાપૂર્વક પૂર્ણ થયું. બે દિવસીય ટુર્નામેન્ટમાં છોકરાઓ અને છોકરીઓ બંને કેટેગરી માટે લીગ, સેમિફાઇનલ અને ફાઇનલ મેચો હતી, જે માનક ક્રિકેટના ધોરણો અનુસાર યોજાઈ હતી. દાની ફાઉન્ડેશન, મુંબઈના સલાહકાર શ્રી મૌલિક ભટ્ટ સર, વિદાય સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા અને સહભાગીઓના ઉત્સાહ અને રમતગમતની પ્રશંસા કરી હતી. ચોથા વર્ષ બી. ફાર્મ અને પ્રથમ વર્ષ એમ. ફાર્મ. છોકરાઓ અને છોકરીઓની કેટેગરીમાં ચેમ્પિયન બન્યા હતા. સંસ્થાએ ઓમકાર સ્પોર્ટ્સને તેમના મૂલ્યવાન સ્પોન્સરશિપ અને સમર્થન માટે પણ આભાર માન્યો હતો.




ISSN 0976-9609

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ બી પટેલ ઈંગ્લિશ સ્કૂલ ગ્રાન્ટેડ** ખાતે આજે શાળામાં ચાલતી ઇકો ક્લબમાં હેલ્ધી ફૂડ હેલ્ધી લાઈફ સ્ટાઈલ અંગેના સેમિનારનું તારીખ ૧૬-૦૨-૨૦૨૬ ના રોજ આયોજન થયું. જેમાં શાળામાંથી ૩૦ વિદ્યાર્થીઓએ પાર્ટિસિપેટ કર્યું અને ૧૫૦ કરતા વિદ્યાર્થીઓ આ સેમિનારમાં જોડાયા. સેમિનારના મુખ્ય મહેમાન શ્રી રાજેશભાઈ ભટ્ટ દ્વારા જીવનમાં હેલ્ધી ફૂડનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટ વિદ્યાર્થીઓને હેલ્ધી ફૂડ અને હેલ્ધી લાઈફ સ્ટાઈલ વિશેની માહિતી આપી હતી. ઇકો ક્લબ ઇન્ચાર્જ ચેતન પ્રજાપતિ તેમજ શાળાનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વાનગીઓનું અવલોકન કરી તેમાં વપરાયેલ સામગ્રી તેમાંથી મળતા વિટામિન્સ, પ્રોટીન, ફાઈબર વગેરે તત્વોની માહિતી મેળવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ૩૦ પ્રકારની વાનગીમાંથી આવેલ ઉત્તમ વાનગીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે હેમાંગિનીબેન દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

## । વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક ફોર્મ-૪ (નિયમ-૮ મુજબ)


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | વલ્લભ વિદ્યાનગર |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. | મુદ્રક | : | સી.વી.એમ. પ્રેસ, વલ્લભ વિદ્યાનગર |
| ૪. | પ્રકાશકનું નામ | : | ડૉ. એસ.જી.પટેલ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | માનદ્ મંત્રી ચારુતર વિદ્યામંડળ, વ.વિદ્યાનગર-૩૮૮૧૨૦ |
| ૫. | તંત્રી | : | ડૉ. ઉર્વીશ છાયા |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ચારુતર વિદ્યામંડળ, વ.વિદ્યાનગર-૩૮૮૧૨૦ |
| ૬. | માલિકનું નામ | : | ડૉ. એસ.જી.પટેલ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વ.વિદ્યાનગર-૩૮૮૧૨૦ |

હું, એસ.જી.પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

**ડૉ.એસ.જી.પટેલ**

૫ માર્ચ ૨૦૨૬ — માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

# પદ્મશ્રી પ્રવીણ દરજીને ગુજરાત સાહિત્ય અકાદમીનો ''સાહિત્ય ગૌરવ પુરસ્કાર'' એનાયત કરાયો



ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક, નિબંધપુરુષ, કવિ-વિવેચક-સંશોધક-સંપાદક-અનુવાદ પદ્મશ્રી **ડૉ.પ્રવીણ દરજી**ને ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર) દ્વારા પ્રતિષ્ઠિત એવોર્ડ **''સાહિત્ય ગૌરવ પુરસ્કાર''(૨૦૨૪)** મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે અર્પણ કરીને તેમનું તાજેતરમાં સન્માન કરાયું. આ પ્રસંગે રમતગમત-યુવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયકક્ષાના મંત્રીશ્રી ડૉ.જયરામ ગામીત, ગુ.સા.અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા, મહામાત્રશ્રી ડૉ.જયેન્દ્ર જાદવ, સહિત અનેક મહાનુભાવો તથા સાહિત્યકારો-સાહિત્ય રસિકોની ઉપસ્થિતિ હતી.

પોતાના સાહિત્યસર્જનથી ગુજરાત તેમજ દેશવિદેશમાં ગુજરાતી ભાષાસાહિત્યની સુવાસ ફેલાવનાર પ્રવીણ દરજીને દીર્ઘકાલીન મૂલ્યવાન સેવાઓ માટે વિવિધ સાહિત્ય સંસ્થાઓ તરફથી અનેક સુવર્ણચંદ્રકો, પારિતોષિક-એવૉર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા છે.

ભારત સરકારે સાહિત્ય-કેળવણીના તેમના બહુમૂલ્ય પ્રદાન માટે ૨૦૧૧માં તેમને પદ્મશ્રીથી અલંકૃત કર્યા હતા. તાજેતરમાં તેઓને આંતરરાષ્ટ્રીય માઈકા મેન્ટર એવૉર્ડ પણ અમદાવાદ ખાતે અર્પણ કરાયો છે. માન-સન્માનની પરંપરામાં અનેક એવૉર્ડ પુરસ્કાર મેળવનારા પદ્મશ્રી **પ્રવીણ દરજી**ને તાજેતરમાં **''સાહિત્ય ગૌરવ પુરસ્કાર''** પ્રાપ્ત થાય છે ત્યારે તેમને ગુજરાતી સાહિત્ય જગત હૃદયપૂર્વક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવે છે.

**ડૉ. આર. પી. પટેલ**

 ISSN 0976-9609

# ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી




ચારુતર વિદ્યામંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી, સી.વી.એમ. યુનિવર્સિટી અને એન.સી.સી. હેડ ક્વાટર, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે તેમજ સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમ સાયન્સ શાળાના યજમાન પદે શાસ્ત્રી મેદાન વિદ્યાનગર ખાતે ૭૭ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં કરવામાં આવી. જેમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપ કુલપતિ ડૉ.નિરંજનભાઈ પટેલ, એન.સી.સી. હેડ ક્વાર્ટર્સના કમાન્ડર (બ્રિગેડિયર) શ્રી પી. એસ. અરોરા સાહેબ, ચારુતર વિદ્યામંડળના માનદમંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, તથા સ.પ.યુનિ. ના રજિસ્ટ્રાર ડૉ. ભાઈલાલભાઈ પટેલ, સી.વી.એમ.યુ. ના રજિસ્ટ્રાર પ્રો. (ડૉ.) સંદિપ વાલિયા તથા મંડળ અને સી.વી.એમ. યુનિવર્સિટીના હોદ્દેદારો, કર્મચારીગણ, શિક્ષકો તથા વિદ્યાર્થીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રિયલ હાઈજીન એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા ‘ગ્લોબલ એલ્યુમની સમિટ-૨૦૨૬’ નું ભવ્ય આયોજન




ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કૉલેજના ઇન્ડસ્ટ્રિયલ હાઈજીન એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા આણંદના મધુભાન રિસોર્ટ ખાતે ‘ગ્લોબલ એલ્યુમની સમિટ-૨૦૨૬’ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વિશ્વભરમાં સ્થાયી થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ અને પરોક્ષ માધ્યમથી એકબીજા સાથે જોડાઈને પોતાના અનુભવો રજુ કર્યા હતા. આ કાર્યક્રમમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

BOOK POST
March 2026

V-Vidyanagar 28 (3)
Published on 12/3/2026
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## સીવીએમ યુનિવર્સિટી ખાતે ''પશ્ચિમાંચલ યુનિફેસ્ટ-૨૦૨૬'' યોજાયો.








ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના યજમાન પદે યોજાયેલ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી એસોસિએશન (AIU) ના ૩૯મા વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલ ''યુનિફેસ્ટ-૨૦૨૬'' ના ઉદ્દ્ઘાટન સમારોહ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ભારતીય ફીલ્મ તથા નાટ્ય જગતના ખ્યાતનામ કલાકાર પદ્મશ્રી મનોજ જોશી, ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, ચારુતર વિદ્યા મંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ એસ. પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) ઈન્દ્રજિત પટેલ, રજિસ્ટ્રાર પ્રો.(ડૉ.) સંદિપ વાલિયા, એ.આઈ.યુ. ના ઓબ્ઝર્વરશ્રી ડૉ. એલ.વી. નાગભૂષણ રાવ, ટેકનીકલ ઓબ્ઝર્વર ડૉ. શીવ કદમ તથા ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. સર્વેશ ત્રિવેદી. તસવીરમાં દીપપ્રાગટ્ય થકી યુવામહોત્સવનું ઉદ્દ્ઘાટન કરતા મહાનુભાવો દશ્યમાન થાય છે. જ્યારે અન્ય તસવીરોમાં વિવિધ સ્પર્ધાઓમાં પ્રતિભા ઉજાગર કરતા સ્પર્ધકો નજરે પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યુવામહોત્સવમાં ૩૭ જેટલી યુનિવર્સિટીના ૧૬૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )